સુવિચાર

સાચું બોલવાની પણ એક રીતે હોય છે, તે એવી રીતે બોલાવું જોઈએ કે તે અપ્રિય ન બને...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જીલ્લાના મંદિરોમાં લુંટ અને ચોરી કરતી ટોળકી ઝડપાઈ P-4

Year-16, Issue-107 ■ DATE : 11-08-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# 'વોટ ચોરી' મુદ્દે વિપક્ષી સાંસદોની સંસદથી ચૂંટણી પંચ સુધી કૂચ

### રાહુલ- પ્રિયંકા સહિત અનેક નેતાઓની અટકાયત, અખિલેશ બેરીકેડ કુદીને આગળ વધ્યા; પ્રદર્શનમાં મહિલા સાંસદ બેભાન થયાઃ વિપક્ષી સાંસદોએ હાથમાં 'વોટ બચાવો'ના બેનરો ફરકાવ્યા







નવી દિલ્હી, તા.૧૧

આજે સંસદના ચોમાસુ સત્રનો ૧૬મો દિવસ છે. વોટ ચોરી મામલે રાહુલ- પ્રિયંકા સહીત વિપક્ષના ૩૦૦ સાંસદોએ મકર દ્વારથી ચૂંટણી પંચ કાર્યાલય સુધી કૂચ શરૂ કરી છે. વિપક્ષી સાંસદો હાથમાં 'વોટ બચાવો'ના બેનરો ફરકાવ્યા છે. જોકે, દિલ્હી પોલીસે કહ્યું હતું કે ઇન્ડિયા બ્લોકે કૂચ માટે કોઈ મંજુરી લીધી નથી. લોકસભાની કાર્યવાહી શરુ થયા બાદ વિપક્ષના હોબાળા બાદ લોકસભા બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે.

રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, અખિલેશ યાદવ સહિત વિપક્ષના ઘણા સાંસદો હાજર છે. વિરોધ પ્રદર્શન દરમિયાન અખિલેશ યાદવે કહ્યું કે સરકાર અમારી વાત સાંભળી રહી નથી.

વિપક્ષની આ કૂચ સંસદના મકર દ્વારથી શરૂ થઈ હતી. સાંસદોએ હાથમાં 'વોટ બચાવો'ના બેનરો હતા. જોકે દિલ્હી પોલીસે કહ્યું હતું કે ઇન્ડિયા બ્લોકે કૂચ માટે કોઈ મંજુરી માંગી નથી, તેથી, કૂચ ચૂંટણી પંચની ઓફિસ સુધી પહોંચે તે પહેલાં જ પરિવહન ભવન પાસે બેરિકેડ લગાવીને તેને અટકાવવામાં આવી હતી.

વિપક્ષના વિરોધ પ્રદર્શન દરમિયાન ટીએમસી સાંસદ મિતાલી બાગ બેભાન થઈ ગયા હતા. રાહુલ ગાંધી અને અન્ય લોકો ટીએમસી સાંસદ મિતાલી બાગને મદદ કરતા સંભાળી રહ્યા હતા. પોલીસે રાહુલ, પ્રિયંકા સહીત વિપક્ષના અનેક નેતાઓની અટકાયત કરી હતી.

દિલ્હી પોલીસ, અર્ધલશ્કરી દળો, NSG, SPG અને વિશેષ સુરક્ષા ટીમો તહેનાત કરવામાં આવી છે. સાથે જ મેડિકલ અને ફાયરની ટીમ પણ તનાત કરવામાં આવી છે. કુલ મળીને, ૭૫૦૦થી વધુ સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે. સીસીટીવી કેમેરાની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે અને ડીપર આરએએસ સુધી સીસીટીવી લગાવવામાં આવ્યા છે, જેનું નિરીક્ષણ લગભગ ૮૦૦ હાઈ ડેફિનેશન સીસીટીવી કેમેરા દ્વારા કરવામાં આવી રહ્યું છે.

આ તરફ નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે લોકસભામાં સુધારેલા ઈન્કમટેક્સ બિલ ૨૦૨૫ રજૂ કરી શકે છે. ૩૧ સભ્યોની પસંદગી સમિતિએ ફેરફારો સૂચવ્યા બાદ ૮ ઓગસ્ટના રોજ, સીતારમણે નવું ઈન્કમટેક્સ બિલ ૨૦૨૫ પાછું ખેંચી લીધું.

કોંગ્રેસ મહાસચિવ અને પાર્ટીના સાંસદ કેસી વેણુગોપાલે કહ્યું, ''પોલીસ અને સરકાર અમને ૩૦ સેકન્ડ માટે પણ કૂચ કરવા દેતા નથી. તેઓ અમને અહીં રોકવા માંગે છે. દેશમાં કેવા પ્રકારની લોકશાહી છે, સાંસદોને ચૂંટણી પંચ સામે જવાની આઝાદી નથી. હવે તેઓ કહી રહ્યા છે કે ફક્ત ૩૦ લોકો જ આવી શકે છે, પરંતુ ઓછામાં ઓછા તે ૩૦ લોકોને ચૂંટણી પંચની ઓફિસમાં જવાની મંજૂરી તો આપો.

# ગત માસે સુપરમાર્કેટમાં થયા અધધ... ૩ અબજ યુપીઆઇ વ્યવહારો




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઇ) ના ડેટા દર્શાવે છે કે ગયા મહિને એટલે કે જુલાઈમાં કરિયાણાની દુકાનો અને સુપરમાર્કેટમાં ૬૪,૮૮૧.૯૮ કરોડ રૂપિયાના ત્રણ અબજથી વધુ યુનિફાઇડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઇ) આધારિત વ્યવહારો કરવામાં આવ્યા હતા. આ પહેલી વાર છે જ્યારે ચુકવણી સંસ્થાએ આટલી વિગતવાર રીતે શ્રેણીવાર આંકડાઓ આપીને આટલી માહિતી શેર કરી છે.

બિઝનેસ સ્ટાન્ડર્ડ દ્વારા ડેટાની સમીક્ષા દર્શાવે છે કે ગયા મહિને વોલ્યુમની દ્રષ્ટિએ આ શ્રેણી તમામ યુપીઆઇ પીઅર-ટુ-મર્ચન્ટ (પીટૂએમ) વ્યવહારોનો લગભગ એક ક્વાર્ટર હિસ્સો ધરાવે છે. આ ઉપરાંત, દેવાની વસૂલાત એજન્સીઓ મૂલ્યની દ્રષ્ટિએ યાદીમાં ટોચ પર રહી, ૧૬.૧૩ કરોડ વ્યવહારો દ્વારા રૂ. ૯૩,૮૫૭ કરોડ વસૂલ કર્યા. આ રીઅલ-ટાઇમ ચુકવણી પ્રણાલીના નવા ઉપયોગના કિસ્સાઓને પ્રતિબિંબિત કરે છે.

એનપીસીઆઇ સમયાંતરે નવા ડેટા પોઈન્ટ્સ પ્રકાશિત કરે છે. આમ કરવાનું એક મુખ્ય કારણ બેંકો અને ફિનટેક સહિત તમામ નાણાકીય કંપનીઓને પર્યાવરણની સ્થિતિ વિશે માહિતી આપવાનું છે. ટોચના રિટેલ ચુકવણી સંસ્થાએ તાજેતરમાં રાજ્યો અનુસાર યુપીઆઇ વ્યવહારોની સંખ્યા અને મૂલ્ય પર ડેટા પણ જાહેર કર્યો છે.

જુલાઈમાં, યુપીઆઇ દ્વારા રૂ. ૨૫.૦૮ લાખ કરોડના રેકોર્ડ ૧૯.૪૬ અબજ વ્યવહારો કરવામાં આવ્યા હતા. કુલ વ્યવહારોમાંથી, ૬૩.૬૩ ટકા ચુકવણી વેપારીઓને કરવામાં આવી હતી અને બાકીની ચુકવણી લોકો દ્વારા એકબીજાને કરવામાં આવી હતી. જુલાઈમાં, વેપારી વ્યવહારોની સંખ્યા ૧૨.૩૮ અબજ હતી અને મૂલ્ય લગભગ રૂ. ૭.૩૪ લાખ કરોડ હતું. પરંતુ રૂ. ૩.૪૮ લાખ કરોડના લગભગ ૨.૨૬ અબજ વ્યવહારો અન્ય લોકોને કરવામાં આવ્યા હતા, જે દર્શાવે છે કે આમાં વિવિધ અન્ય વેપારી શ્રેણીઓ શામેલ હોઈ શકે છે.

આ માહિતી નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઇ) ના ડેટામાંથી પ્રાપ્ત થઈ છે. આ કુલ પીટૂએમ વોલ્યુમના માત્ર ૧૮.૩ ટકા છે, પરંતુ મૂલ્યની દ્રષ્ટિએ તે પીટૂએમ વ્યવહારોના લગભગ ૪૭.૫ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. યુપીઆઇ દ્વારા કરવામાં આવતી મુખ્ય ચુકવણી શ્રેણીઓમાં રાશન, રેસ્ટોરન્ટ, દવા, બળતણ, બેકરી અને વીજળી, ગેસ, પાણી, સ્વચ્છતા જેવી આવશ્યક સેવાઓનો સમાવેશ થાય છે. દર ૧૦ યુપીઆઇ વ્યવહારોમાંથી સાત આ શ્રેણીઓમાંથી એક માટે કરવામાં આવે છે.

બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર અને પાર્ટનર વિવેક માંધાતાએ જણાવ્યું હતું કે, સૌથી વધુ વ્યવહારો ધરાવતી શ્રેણીઓ રોજિંદા ખર્ચ પર હોય છે. આ એવી શ્રેણીઓ છે જ્યાં તમે વ્યવહારો સરળતાથી થતા જોઈ શકો છો. જો તમે કોઈ પરિવારના ખર્ચ પર નજર નાખો, તો તમને ખબર પડશે કે તેઓ રાશન, ખોરાક અને બળતણ પર ખર્ચ કરી રહ્યા છે.

આ ઉપરાંત, રમતમાં ડિજિટલ માધ્યમથી માલની ખરીદીમાં ૧૦,૦૭૬.૫૬ કરોડ રૂપિયાના લગભગ ૩૫.૧૨ કરોડ વ્યવહારો કરવામાં આવ્યા હતા. આ એપ્રિલમાં થયેલા ૫૦.૫૩ કરોડ વ્યવહારો અને મે મહિનામાં આ જ શ્રેણીમાં થયેલા ૪૨.૦૮ કરોડ વ્યવહારો કરતાં ઓછું છે, પરંતુ જૂનમાં થયેલા ૩૩.૨૯ કરોડ વ્યવહારો કરતાં વધુ છે.

યુપીઆઇ દ્વારા ડિજિટલ સોનાની ખરીદી સતત વધી રહી છે કારણ કે મોટાભાગની ફિનટેક કંપનીઓ તેમની એપ્લિકેશન પર જ સોનું ખરીદવાનો વિકલ્પ આપી રહી છે. એપ્રિલમાં, ભારતીયોએ યુપીઆઇ દ્વારા ૯૭૮.૨૪ કરોડ રૂપિયાના ૬.૮૪ કરોડ વ્યવહારો દ્વારા ડિજિટલ સોનું ખરીદ્યું. એપ્રિલમાં ઓનલાઈન માર્કેટપ્લેસ પર ૫,૧૭૦.૫૨ કરોડ રૂપિયાના માત્ર ૭.૫૭ કરોડ પીટૂએમ વ્યવહારો થયા હતા. જુલાઈમાં, આ સંખ્યા વધીને ૧૨.૨ કરોડ વ્યવહારો થઈ ગઈ જે ૮,૦૫૩.૭૨ કરોડ રૂપિયાના હતા.

# તુર્કીમાં આવેલા ૬.૧ની તીવ્રતાના ભૂકંપે મચાવી તબાહી

**મુખ્ય સમાચાર, અંકારા**

રવિવારે સાંજે તુર્કીના ઉત્તરપશ્ચિમ પ્રાંત બાલિકેસિરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૧ માપવામાં આવી હતી. ભૂકંપને કારણે એક ડઝનથી વધુ ઈમારતો ધરાશાયી થઈ. ઓછામાં ઓછા એક વ્યક્તિનું મોત નીપજ્યું અને ૩૦ લોકો ઘાયલ થયા. ભૂકંપનું કેન્દ્ર સિંદિરગી શહેર હતું, પરંતુ તુર્કીના સૌથી મોટા શહેર ઈસ્તંબુલ સુધી આંચકા અનુભવાયા હતા, જેની વસ્તી ૧.૬ કરોડથી વધુ છે.

તુર્કીના મંત્રી અલી યેરલિકાયાએ કહ્યું છે કે સિંદિરગીમાં એક ધરાશાયી થયેલી ઈમારતના કાટમાળમાંથી જીવતી બહાર કાઢવામાં આવ્યા બાદ એક વૃદ્ધ મહિલાનું મૃત્યુ થયું હતું. ઈમારતમાંથી અન્ય ચાર લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. મંત્રી અલીએ જણાવ્યું હતું કે ઘાયલોમાંથી કોઈની હાલત ગંભીર નથી. તેમણે કહ્યું કે આ વિસ્તારમાં કુલ ૧૬ ઈમારતો ધરાશાયી થઈ હતી. આમાંથી



મોટાભાગની ઈમારતો ખૂબ જૂની અને ઉપયોગમાં લેવાતી હતી. ભૂકંપને કારણે બે મસ્જિદોના મિનારા પણ ધરાશાયી થયા હતા.

તુર્કીની ડિઝાસ્ટર અને ઈમરજન્સી મેનેજમેન્ટ એજન્સીએ કહ્યું છે કે ભૂકંપ પછી અનેક ભૂકંપ આવ્યા હતા. આ આંચકાઓની તીવ્રતા ૪.૬ હતી. એજન્સીએ નાગરિકોને ક્ષતિગ્રસ્ત ઈમારતોથી દૂર રહેવા વિનંતી કરી છે જેથી રાહત સરળતાથી મળી શકે.

તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને ભૂકંપ પછી એક નિવેદન બહાર પાડ્યું હતું અને અસરગ્રસ્ત નાગરિકોને ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી હતી. તુર્કીમાં ભૂકંપ નવા નથી. તુર્કી મુખ્ય ખામીઓની ટોચ પર સ્થિત છે, તેથી અહીં વારંવાર ભૂકંપ આવે છે.

વર્ષ ૨૦૨૩ માં, તુર્કીમાં ૭.૮ ની તીવ્રતાના ભૂકંપમાં ૫૩,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. આ ભૂકંપથી દક્ષિણ અને દક્ષિણપૂર્વ પ્રાંતોમાં લાખો ઈમારતોને અસર થઈ હતી. આ સમયગાળા દરમિયાન, પડોશી સીરિયાના ઉત્તરીય ભાગોમાં પણ લગભગ ૬,૦૦૦ લોકો માર્યા ગયા હતા.

# એર ઈન્ડિયાની વધુ એક ફલાઈટ દુર્ઘટનામાંથી બચી

### તિરૂવંથપુરમથી દિલ્હી જતી ફલાઈટમાં ૫ સાંસદો સહિત ૧૦૦થી વધુ મુસાફરો સવાર હતા




**મુખ્ય સમાચાર, ચૈન્નઇ**

અમદાવાદ વિમાની દુર્ઘટના બાદ એર ઈન્ડિયાની માઠી હોય તેમ એક પછી એક ફલાઈટમાં તકલીફ સર્જાતી રહી છે. હવે કેરળના તિરૂવંથપુરમથી દિલ્હી જતી ફલાઈટ દુર્ઘટનામાંથી બચી હતી. પાંચ સાંસદો સહિત ૧૦૦થી વધુ મુસાફરો વિમાનમાં સવાર હતા.

એક જ રનવે પર બે ફલાઈટ આવી ગઈ હતી. કોંગ્રેસના સાંસદ કે.સી.વેણુગોપાલે સોશ્યલ મીડીયા પર ઘટના પોસ્ટ કરીને એવો દાવો કર્યો કે નશીબ અને પાયલોટની કુશળતાથી બચી ગયા હતા.

આ ફ્લાઈટમાં પાંચ સાંસદો - કેસી વેણુગોપાલ, કોડિક્કુનીલ સુરેશ, અદૂર પ્રકાશ, કે. રાધાકૃષ્ણન અને રોબર્ટ બ્રુસ - દિલ્હી જઈ રહ્યા હતા. કોંગ્રેસના નેતા અને સાંસદ કેસી વેણુગોપાલે સોશિયલ મીડિયા પર આ ઘટના વિશે માહિતી શેર કરી. તેમણે કહ્યું કે ફ્લાઈટ મોડી શરૂ થઈ હતી અને ટેક-ઓફ પછી તરત જ અમને અભૂતપૂર્વ ટર્બુલન્સનો સામનો કરવો પડ્યો. લગભગ એક કલાક પછી કેપ્ટને ફ્લાઈટ સિગ્નલમાં ખામી જાહેર કરી અને વિમાનને ચેન્નાઈ તરફ વાળ્યું.

વેણુગોપાલના જણાવ્યા મુજબ, વિમાન ચેન્નાઈ એરપોર્ટ ઉપર લગભગ બે કલાક સુધી ક્લિયરન્સ માટે રાહ જોતું રહ્યું. પ્રથમ લેન્ડિંગ પ્રયાસ દરમિયાન એક આઘાતજનક ક્ષણ આવી કેમ કે બીજું વિમાન તે જ રનવે પર હાજર હતું. કેપ્ટનના ઝડપી નિર્ણયથી વિમાન ઉપર ખેંચાયું અને બધા મુસાફરોના જીવ બચી ગયા. બીજા પ્રયાસમાં ફ્લાઈટ સુરક્ષિત રીતે ઉતરી ગઈ.

કોંગ્રેસ સાંસદે કહ્યું, ''કુશળતા અને નસીબ બંનેએ આપણને બચાવ્યા, પરંતુ મુસાફરોની સલામતી નસીબ પર આધારિત ન હોવી જોઈએ. હું ડીજીસીએ અને નાગરિક ઉડ્ડયન મંત્રાલયને અપીલ કરું છું કે તેઓ આ ઘટનાની તાત્કાલિક તપાસ કરે, જવાબદારી નક્કી કરે અને ખાતરી કરે કે આવી ભૂલ ફરીથી ન થાય.'' જ્યારે આ મામલે એર ઈન્ડિયાનું કહેવું છે કે પહેલી લેન્ડિંગ વખતે રન વે પર બીજું કોઈ વિમાન હતું જ નહીં

# કાયદાના સ્નાતકો પાસેથી બાર કાઉન્સીલ કાનૂની ચાર્જ ન વસુલી શકેઃ સુપ્રીમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમકોર્ટે જણાવ્યું હતું કે, વકીલ તરીકે રજિસ્ટર્ડ કરાવનાર કાયદાના સ્નાતકો પાસેથી બાર કાઉન્સીલ કાનૂની ચાર્જ ઉપરાંત કોઈપણ પ્રકારનો વૈકલ્પિક ચાર્જ ન વસુલી શકે. સુપ્રીમ કોર્ટે કર્ણાટક રાજય બાર કાઉન્સીલ પરિષદ સામે દાખલ એ અરજી પર ફેસલો આપ્યો છે, જેમાં સુપ્રીમ કોર્ટ દ્વારા પસાર નિર્ણયનું પાલન નહીં કરવાનો આરોપ લગાવાયો હતો.

જસ્ટીસ પારડીવાલા અને આર.મહાદેવનની પીઠે આ સાથે જ કર્ણાટક રાજય બાર કાઉન્સીલને વકીલ તરીકે રજિસ્ટર કરાવનાર કાયદા સ્નાતકો પાસેથી વૈકલ્પિક ચાર્જ વસુલવા પર રોક લગાવી હતી.

પીઠે કહ્યું હતું કે, અમે સ્પષ્ટ કરીએ છીએ કે જેવું કંઈ નથી. કોઈપણ રાજયની બાર કાઉન્સીલ કે બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયા વૈકલ્પિક ચાર્જ નહીં વસુલે. બેન્ચે જણાવ્યું હતું કે બધાએ ગત વર્ષ જુલાઈમાં પસાર નિર્ણય મુજબ જ ચાર્જ વસુલવો પડશે.

ગત વર્ષે સુપ્રીમ કોર્ટે નિર્ણય સંભળાવ્યો હતો



ગત વર્ષે ૩૦ જુલાઈના સુપ્રીમકોર્ટે નિર્ણય સંભળાવ્યો હતો કે, રાજય બાર કાઉન્સીલ કાયદા સ્નાતકો પાસેથી વકીલો તરીકે સનદ મેળવવા માટે વધારાનો ચાર્જ નહીં વસુલી શકે.

કોર્ટે કેટલાક રાજયોની બાર કાઉન્સીલ દ્વારા લગભગ ૧૫ હજારથી લઈને ૪૦ હજારથી વધુની ફી વસુલવાને મૌલિક સમાનતાના સિદ્ધાંતની વિપરીત બતાવ્યું હતું. કોર્ટે ફેસલો આપ્યો હતો કે બાર નિગમ અધિવકતા અધિનિયમ ૧૯૬૧ અંતર્ગત શક્તિઓનું પ્રતિનિધિ છે.

રાજય બાર કાઉન્સીલ અને બીસીઆઈ સામાન્ય અને એસસી-એસટી શ્રેણીઓના કાયદા સ્નાતકોના નામાંકન (સનદ) માટે ક્રમશ ૭૫૦ અને ૧૨૫ રૂપિયાથી વધુ નથી લઈ શકતા.

# ભારત વિશ્વની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનવા જઈ રહી છેઃ મોદી



**મુખ્ય સમાચાર, બેંગલોર**

રવિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું નામ લીધા વિના તેમને જવાબ આપ્યો. મોદીએ બેંગલુરુમાં કહ્યું- ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે. આપણે ૧૦મા ક્રમેથી ટોચના ૫માં આવી ગયા છીએ.

આપણે ટૂંક સમયમાં ટોચના ૩માં સ્થાન મેળવીશું. આ તાકાત સુધારા, પ્રદર્શન અને પરિવર્તનથી આવી છે. દેશની સિદ્ધિઓનો ધ્વજ આકાશમાં ઊંચો લહેરાવી રહ્યો છે.

હકીકતમાં, અમેરિકન રાષ્ટ્રપતિએ ૩૧ જુલાઈના રોજ ભારત પર ૨૫% ટેરિફ લાદ્યો હતો અને ભારત અને રશિયાને મૃત અર્થતંત્રો કહ્યા હતા. ટ્રમ્પે કહ્યું હતું કે - ભારત અને રશિયા તેમની અર્થવ્યવસ્થા સાથે લઈને ડૂબશે, મને શું ! આ ઉપરાંત, પીએમ મોદીએ ઓપરેશન સિંદૂર વિશે કહ્યું- આખી દુનિયાએ ભારતીય સૈનિકોની આતંકવાદીઓ અને પાકિસ્તાનને ઘૂંટણિયે પાડવાની ક્ષમતા જોઈ છે. તેની સફળતા પાછળ આપણી ટેકનોલોજી અને મેક ઇન ઇન્ડિયાની શક્તિ છે. બેંગ્લોરના યુવાનોએ પણ આમાં ઘણું યોગદાન આપ્યું છે.

# ભારતીય નૌકાદળના યુધ્ધ જહાજો અરબી સમુદ્રમાં કરશે યુધ્ધ કવાયત

### આજથી બે દિવસની કવાયતમાં યુધ્ધ જહાજો ઉપરાંત વિમાનો સાથે લાઈવ ફાયરીંગ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઓપરેશન સિંદૂર બાદ જાહેર થયેલ યુધ્ધ વિરામ પછી પ્રથમ વખત ભારત અને પાકિસ્તાનની નૌકાદળો અરબી સમુદ્રમાં બે દિવસ માટે અલગ-અલગ કવાયત કરવા જઈ રહી છે. ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજો અરબી સમુદ્રમાં કવાયત કરશે.

બીજી તરફ, પાકિસ્તાની નૌકાદળે પણ તેના પાણીમાં કવાયત કરવા માટે એક નોટમ જારી કર્યું છે. મે મહિનામાં ઓપરેશન સિંદૂર દરમિયાન થયેલા તંગ લશ્કરી ગતિરોધના થોડા મહિનાઓ પછી આ કવાયત ફરી શરૂ થઈ રહી છે.

સંરક્ષણ અધિકારીઓએ આ કવાયતો માટે બંને નૌકાદળો વચ્ચે કોઈ સીધો સંકલન હોવાનો સંકેત આપ્યો નથી. વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ અરબી સમુદ્ર ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષા અને પ્રાદેશિક સ્થિરતા માટે આ એક સાથે કવાયતો અત્યંત મહત્વપૂર્ણ છે. ભારતીય અને પાકિસ્તાની નૌકાદળો ૧૧-૧૨ ઓગસ્ટના રોજ એકબીજાના દરિયાઈ વિસ્તારો નજીક અલગ કવાયતો કરશે.

આ માટે બંને સેનાઓ દ્વારા એરમેનને નોટિસ જારી કરવામાં આવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભારતીય નૌકાદળ આ કવાયત ગુજરાતના પોરબંદર અને ઓખા કિનારે કરશે.

જ્યારે પાકિસ્તાન નૌકાદળનો દરિયાઈ કવાયત લગભગ ૬૦ નોટિકલ માઈલના અંતરે થશે. એવું માનવામાં આવે છે કે ભારતીય નૌકાદળના કવાયતમાં યુદ્ધ જહાજો અને સંભવત વિમાનો સાથે લાઈવ ફાયરિંગનો સમાવેશ થઈ શકે છે.

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું. જેમાં પાકિસ્તાન સ્થિત જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબાના આતંકવાદી માળખાને નિશાન બનાવવામાં આવ્યું હતું. ત્યારથી બંને દેશો વચ્ચે તણાવ વધી ગયો છે.

# બરડા વન્યજીવ અભયારણ્ય ખાતે વિશ્વ સિંહ દિવસની ગૌરવભેર ઉજવણી કરાઈ







**મુખ્ય સમાચાર, જામનગર**

દ્વારકામાં મુખ્યમંત્રીના હસ્તે રૂ.૧૮૦ કરોડના ખર્ચે વન વિભાગના વિવિધ વિકાસ પ્રકલ્પોનું.ઈ-લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયું.બરડા અભયારણ્ય વિસ્તારમાં રૂ.૭૫ કરોડના ખર્ચે નવો સફારી પાર્ક અને પ્રવાસીઓની સુવિધાના કામો હાથ ધરાશે - મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ.ગુજરાતના સાવજ દેશની અસ્મિતાનું વૈશ્વિક પ્રતીક બન્યા છે.૧૪૩ વર્ષના લાંબા સમય બાદ બરડા ડુંગરમાં સિંહોએ કુદરતી રીતે પુનઃ વસવાટ શરૂ કર્યો છે.સિંહના વિચરણનો વિસ્તાર પાછલા અઢી દાયકામાં ૩ જિલ્લાથી વધીને ૧૧ જિલ્લા સુધી વિસ્તર્યો છે.રાજ્યની ૨૪ જેટલી ઈકો ટુરીઝમ સાઈટ માટે હવે ઘરે બેઠા બૂકિંગ થઈ શકે તે માટેનું પોર્ટલ કાર્યરત થયું છે.બરડામાં સિંહોનો પુનઃ વસવાટ થતા બરડાની જૈવ વિવિધતામાં નવી ઊર્જાનો સંચાર થશે, ઈકો ટુરિઝમને વેગ મળશે - મંત્રી ભૂપેન્દ્ર યાદવ ૧૪૩ વર્ષ પછી ''બરડા વન્યજીવ અભયારણ્ય'' માં સિંહો પુનઃ વસવાટ કરી રહ્યા છે. મંત્રી મુળુભાઈ બેરા

ગુજરાતના સાવજ આજે દેશની અસ્મિતાનું વૈશ્વિક પ્રતીક બન્યા છે, તેવું આજરોજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના બરડા વન્યજીવ અભ્યારણ ખાતે યોજાયેલા વિશ્વ સિંહ દિવસની ઉજવણીમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.દેશ અને દુનિયાભરના સિંહ પ્રેમીઓ અને પ્રકૃતિ પ્રેમીઓને વિશ્વ સિંહ દિવસની શુભેચ્છાઓ પાઠવીને મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે,

ભગવાન કૃષ્ણએ કુરૂક્ષેત્રના મેદાનમાં અર્જુનને આપેલા ગીતા સંદેશમાં કહ્યું છે કે, પ્રાણીઓમાં હું મૃગરાજ સિંહ છું.૧૪૩ વર્ષના લાંબા સમય બાદ બરડા ડુંગરમાં સિંહોએ કુદરતી રીતે પુનઃ વસવાટ શરૂ કર્યો છે, તે વાતનો આનંદ વ્યક્ત કરીને મુખ્યમંત્રી ઉમેર્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બરડામાં સિંહ સંરક્ષણ માટે તમામ જરૂરી સહાય સુવિધાઓ આપવાની જાહેરાત કરી છે. વડાપ્રધાનના વિઝન અને વન વિભાગની પ્રો-એક્ટિવ પ્રેક્ટિસીસને લીધે ગીરમાં સિંહોની સફળ સંવર્ધન-ગાથા વૈશ્વિક બની છે. આપણા વનરાજનો વૈભવ જળવાઈ રહે અને ભવિષ્યમાં પણ સતત વધતો રહે તે માટે વડાપ્રધાનશ્રીએ પ્રોજેક્ટ લાયન શરૂ કરાવ્યો છે. આ પ્રોજેક્ટમાં સિંહના હેબિટેટ અને વસતિ પ્રબંધન, વન્ય પ્રાણી આરોગ્ય, માનવ અને પ્રાણી ઘર્ષણ, સ્થાનિક લોકોનો સહકાર, પ્રવાસન વિકાસ, વૈજ્ઞાનિક સંશોધન અને તાલીમ, ઈકો ડેવલપમેન્ટ તેમજ જૈવ વિવિધતાના સંરક્ષણ જેવી બાબતોને આવરી લેવામાં આવી છે.મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતુ કે, વન્યજીવોની માવજત અને સંરક્ષણની વાતને વડાપ્રધાનશ્રીના દિશા દર્શનમાં અગ્રીમતા અપાઈ છે. જેની ફલશ્રુતિરૂપે સિંહોની સંખ્યા ૬૭૪થી વધીને ૮૯૧ થઈ છે. મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતુ કે, સ્થાનિક લોકો અને ગીરના સિંહો વચ્ચે ઈમોશન અને ઈકોનોમી બંન્નેનો સંબધ કેળવાયો છે. સિંહના વિચરણનો વિસ્તાર પાછલા અઢી દાયકામાં ૩ જિલ્લાથી વધીને ૧૧ જિલ્લા સુધી વિસ્તર્યો છે. સ્થાનિક રહેવાસીઓમાં ''સિંહ છે તો અમે છીએ અને અમે છીએ તો સિંહ છે'' એવી ભાવના જાગૃત થઈ છે.તેમણે ઉમેર્યું હતું કે, તાજેતરમાં 'લાયન ૨૦૪૭ વિઝન ફોર અમૃતકાળ' શીર્ષક સાથે પ્રોજેક્ટ લાયન દસ્તાવેજ પણ જાહેર કરવામાં આવ્યો છે. વધતી જતી સિંહ વસતિના સુચારુ સંચાલનમાં અને સિંહોના રહેઠાણોને સુરક્ષિત અને પુનઃસ્થાપિત કરવામાં, રોજગારી સર્જન અને સ્થાનિક સમુદાયોની ભાગીદારીમાં વધારો કરવામાં આ પ્રોજેક્ટ લાયન૨૦૪૭ મહત્વની ભૂમિકા ભજવશે. સરકાર વાઈલ્ડ લાઈફ ટુરીઝમ ડેવલોપમેન્ટ સાથે આ વિસ્તારના હોલીસ્ટિક ડેવલોપમેન્ટ માટે કામ કરી રહી છે.વન અને વન્યસૃષ્ટીના સંરક્ષણ તથા પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે રૂ.૧૮૦ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ કરી મુખ્યમંત્રી ઉમેર્યું હતું કે, બરડા અભયારણ્ય વિસ્તારમાં રૂ.૭૫ કરોડના ખર્ચે નવો સફારી પાર્ક અને પ્રવાસીઓની સુવિધાના કામો આવનારા દિવસોમાં હાથ ધરાશે.

# રક્ષાબંધનના દિવસે બી.આર.ટી.એસ. બસમાં ૧૭૦૦૨ અને સિટી બસમાં ૩૪૪૪૯ બહેનોએ નિઃશુલ્ક સેવાનો લાભ લીધો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની એસ.પી.વી. રાજકોટ રાજપથ લિ. દ્વારા શહેરના નાગરિકોને શહેરી પરિવહન બસ સેવા પુરી પાડે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દર વર્ષની પરંપરા મુજબ તા.૦૯/૦૮/૨૦૨૫,શનિવારના રોજ રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિતે સિટી બસ સેવા અને બી.આર.ટી.એસ. બસ સેવા બહેનો/મહિલાઓ માટે નિશુલ્ક મુસાફરીની ભેટ આપેલ, જેમાં બી.આર.ટી.એસ. બસમાં કુલ-૧૭૦૦૨ અને સિટી બસમાં કુલ-૩૪૪૪૯, કુલ-૫૧૪૫૧ બહેનો/મહિલાઓએ નિઃશુલ્ક સેવાનો લાભ લીધો હતો તેમ,રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયાએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું.

''રક્ષાબંધન''ના પવિત્ર તહેવારના દિવસે કોઈપણ રૂટ પર, ગમે તેટલી વખત ફક્ત બહેનો/મહિલાઓ નિશુલ્ક મુસાફરી કરી હતી જયારે પુરુષો/ભાઈઓએ મુસાફરી દરમ્યાન રાબેતામુજબ જ નિયત દરની ટીકીટ લઈને મુસાફરી હતી હતી.

# જામનગર સખી વન સ્ટોપ સેન્ટર અને જિલ્લા પોલીસના સહિયારા પ્રયાસોથી ઉત્તર પ્રદેશથી જામનગર પહોંચેલી મહિલાનું પરિવાર સાથે કરાવાયું પુનઃમિલન



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, સખી વન સ્ટોપ સેન્ટર જામનગર અને બી ડિવિઝન પોલીસ સ્ટેશનના સહિયારા પ્રયાસોથી એક ગમસુદા મહિલાનું તેના પરિવાર સાથે સુખદ પુનમિલન કરાવવામાં આવ્યું.મહિલા અને બાળ અધિકારીની કચેરી અંતર્ગત કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટર ખાતે ૧૮૧ અભયમ હેલ્પલાઈન દ્વારા એક પીડિત મહિલાને આશ્રય માટે મોકલવામાં આવી હતી. મહિલા અને બાળ અધિકારી ડો. પૂજાબેન ડોડિયાના માર્ગદર્શન હેઠળ, સેન્ટરના કર્મચારીઓએ આ મહિલાનું કાઉન્સિલિંગ કર્યું. આ દરમિયાન જાણવા મળ્યું કે આ મહિલા ઉત્તર પ્રદેશની છે અને ઘરેલુ ઝઘડાને કારણે કોઈને જાણ કર્યા વગર ઘર છોડીને નીકળી ગઈ હતી.આ માહિતી મળતા જ, સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારીઓ અને બી ડિવિઝન પોલીસ સ્ટેશનના અધિકારીઓએ સંયુક્ત રીતે તેના પરિવારની શોધખોળ શરૂ કરી. ઉત્તર પ્રદેશ પોલીસનો સંપર્ક સાધીને તેના પરિવારને શોધી કાઢવામાં આવ્યો.ઉત્તર પ્રદેશ પોલીસના બે અધિકારીઓ અને મહિલાના પરિવારજનો જામનગર આવ્યા. તમામ જરૂરી ખરાઈ કર્યા બાદ, સખી વન સ્ટોપ સેન્ટરના સ્ટાફે મહિલાને તેના પરિવાર અને ઉત્તર પ્રદેશ પોલીસ અધિકારીઓને સોંપી. પરિવારજનો અને ઉત્તર પ્રદેશ પોલીસ અધિકારીઓએ સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારીઓ અને બી ડિવિઝન પોલીસ સ્ટેશન જામનગરના અધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો.

આમ, સખી વન સ્ટોપ સેન્ટર જામનગરના તમામ કર્મચારીઓએ પીડિત મહિલાને આશ્રય, કાઉન્સિલિંગ, પોલીસ અને મેડિકલ જેવી તમામ સહાય પૂરી પાડીને રક્ષાબંધનના પાવન દિવસે તેના પરિવાર સાથે તેનું સુખદ પુનમિલન કરાવ્યું. આ ઘટનાએ ફરી એકવાર સાબિત કરી બતાવ્યું કે માનવતા અને સંવેદનશીલતાના પ્રયાસોથી મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ આશાનું કિરણ પ્રગટાવી શકાય છે.

# જામનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું એરપોર્ટ ખાતે ઉષ્માભર્યું સ્વાગત





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકામાં આવેલ બરડા વન્યજીવ અભયારણ્ય-ટીંબડી ખાતે વિશ્વ સિંહ દિવસની ઉજવણી થનાર છે. ત્યારે મુખ્યમંત્રીનું જામનગર આગમન થતા એરપોર્ટ ખાતે મહાનુભાવો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા પણ ઉપસ્થિત રહ્યા હતા. એરપોર્ટ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના સ્વાગતમાં ઈન્ચાર્જ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી તથા જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર જિલ્લાની શાળાઓમાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત દેશભક્તિને ઉજાગર કરતી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર જિલ્લાની શાળાઓમાં હર ઘર તિરંગા.અભિયાન અંતર્ગત દેશભક્તિને ઉજાગર કરતી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.આ અભિયાન હેઠળ, જિલ્લાની ૫૬૬ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં તારીખ ૬ થી ૧૨ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. કુલ ૨૨,૬૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો, જેમાં ફૂલોની રંગોળી, તિરંગા વિષયક ક્વિઝ અને ધ્વજ ચિત્રકામ જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.વિદ્યાર્થીઓએ તિરંગાની થીમ પર આકર્ષક રંગોળીઓ બનાવીને પોતાની સર્જનાત્મકતાનો પરિચય આપ્યો હતો. આ સ્પર્ધાઓ ઉપરાંત, વિદ્યાર્થીઓએ દેશની સુરક્ષા માટે સરહદ પર તૈનાત વીર સૈનિકોને પોસ્ટકાર્ડ મોકલીને તેમનો આભાર માન્યો અને તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

# જામનગરમાં જાહેરમાં જુગાર રમતા ૮ આરોપીઓ ઝડપાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પોલીસ અધીક્ષક પ્રેમસુખ ડેલૂની સૂચના અનુસાર, જિલ્લામાંથી દારૂ અને જુગારની બદીને નાબૂદ કરવાના અભિયાન અંતર્ગત એલસીબીએ કાર્યવાહી હાથ ધરી હતી.એલસીબીના પીઆઈ વી.એમ. લગારીયાના માર્ગદર્શન હેઠળ, પીએસઆઈ પી.એન. મોરી અને સી.એમ. કાંટેલીયા સહિતની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન સ્ટાફના ધર્મેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઈ કોડીયાતર અને કૃપાલસિંહ જાડેજાને મળેલી ખાનગી માહિતીના આધારે કાર્યવાહી કરવામાં આવી.જામનગરના સેતાવાડમાં ધ્રુવફળી શેરી નંબર-૨માં સ્ટ્રીટ લાઈટના અજવાળે ગંજીપત્તાના પાના વડે તીનપતીનો પૈસાની હારજીતનો જુગાર રમતા આઠ શખ્સોને પકડી પાડવામાં આવ્યા. આરોપીઓ પાસેથી રોકડ રૂ.૧,૦૩,૫૦૦, આઠ મોબાઈલ ફોન કિંમત રૂ.૪૦,૦૦૦, ચાર મોટરસાયકલ કિંમત રૂ.૧,૬૦,૦૦૦ અને ગંજીપત્તાના પાના મળી કુલ રૂ.૩,૦૩,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો.પકડાયેલા આરોપીઓમાં ભરત દાવડા, બિપિન, અલ્પેશ પરમાર , ઈલિયાસ ભારમલ, ભનુ દાવડા, ચંદ્રેશ બોરસરા, વિશાલ રાઠોડ અને મહેશ બોરસરાનો સમાવેશ થાય છે.પોલીસ હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ જાડેજાએ ફરિયાદ નોંધાવી હતી અને પોલીસ હેડ કોન્સ્ટેબલ અરજણભાઈ કોડીયાતરે જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સમગ્ર કાર્યવાહી એલસીબી સ્ટાફના ભરતભાઈ પટેલ સહિતની ટીમે પાર પાડી હતી.

# ગોંડલ ઘટક ૧ દ્વારા શાળાએ ન જતી દીકરીઓને અભ્યાસ શરૂ કરાવાયો



## આઈ.સી.ડી.એસ.ગોંડલ ઘટક ૧ના સક્રિય પ્રયાસો સફળ થયા

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

જિલ્લા વિકાસ અધિકારી સાહેબ ની સૂચના અન્વયે બાળ વિકાસ યોજના અધિકારીની કચેરી ગોંડલ-૧ દ્વારા જે દીકરી ઓના ઘર ની આર્થિક સ્થિતિ નબળી હોવા ના લીધે અભ્યાસ અધવચ્ચે છોડી દીધેલ હોય તેવી દીકરી ઓને આર્થિક અને સામાજિક સ્થિતિ મજબૂત કરવા માટે બાળ વિકાસ યોજના અધિકારી ગોંડલ-૧ ની કચેરી મા ફરજ બજાવતા સી.ડી.પી.ઓ સોનલબેન વાળા મુખ્યસેવિકા પીન્ટુબેન દવે.નયનાબેન મેહતા.વર્ષાબેન ભટ્ટ.નયનાબેન સિંહાર.મુકતાબેન ડોબા. ધવલભાઈ પરમાર. તેમજ આંગણવાડી કાર્યકર બહેનો અને સ્ટાફ દ્વારા શાળા અધવચ્ચે છોડી દેનાર દીકરીનો ની રૂબરૂ મુલાકાત લઈ પુનઃ પ્રવેશ માટે દીકરી ઓના વાલી સાથે પરામર્શ કરે ની દીકરી ઓ ને પુનઃ પ્રવેશ અપાવેલ.

એવા જ એક સફળ પ્રયાસ ના ભાગરૂપે સી.ડી.પી.ઓ સોનલબેન વાળા ના માર્ગદર્શન હેઠળ ગોંડલ ઘટક ૧ ની તમામ આંગણવાડીમા પુનઃ પ્રવેશ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. સીડીપીઓ ના સ્ટાફ ના તમામ મુખ્યસેવિકા દ્વારા દીકરીઓ અને તેમના વાલી સાથે સઘન પરામર્શ કરવામાં આવ્યો.

આ પ્રયાસ ના પરિણામે ૧૪ દીકરીઓએ શાળા માં પુનઃ પ્રવેશ માટે સહમતી દર્શાવી. આ સફળતા પછી સી.ડી.પી.ઓ મેડમ ની સૂચના આઇ.સી.ડી.એસ સ્ટાફ તમામ આંગણવાડી વર્કર. મોંઘીબા હાઈસ્કૂલ. પ્રિન્સીપાલ અને ની મદદ લઈ મહત્વનો ભાગ ભજવ્યો છે.જેના થકી આ દીકરીઓના ઉજ્જ્વળ ભવિષ્ય નું નિર્માણ થઈ રહ્યું છે.

# જામનગર નજીક બેડ ગામમાં વાડી વિસ્તારમાં થી બાઈક ચલાવીને જઈ રહેલા બે ખેડુત યુવાન પર બે માલધારીઓનો હુમલોઃ ફેક્ચર સહિતની ઈજા

## સામા પક્ષે પણ માલધારી યુવાનોએ પોતાના પર છરી- ધોકા વડે હુમલો કર્યાની બે ખેડૂતો સામે વળતી ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના બેડ ગામમાં રહેલા અને ખેતી કામ કરતા બે ખેડૂત યુવાનો બાઈક પર જઈ રહ્યા હતા, જે દરમિયાન રસ્તામાં પશુઓ ના ટોળા ની બાજુમાંથી બાઈક ચલાવવાના પ્રશ્ને તકરાર કરી બે માલધારી શખ્સો એ લાકડી વડે હુમલો કરી ફ્રેક્ચર કરી નાખ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઇ છે. જ્યારે સામા પક્ષે પણ બંને માલધારી યુવાનોએ ખેડૂતો સામે હુમલા ની વળતી ફરિયાદ નોંધાવી છે.આ ફરિયાદ ના બનાવ ની વિગત એવી છે કે જામનગર નજીક બેડ ગામમાં રહેતા અને ખેતી કામ કરતા રામજીભાઈ હરજીભાઈ સોનગરા (ઊ.વ. વર્ષ ૩૧) પોતાના બાઈકમાં અન્ય ખેડૂત રવિભાઈ છગનભાઈ સોનગરા ને બેસાડીને પોતાની વાડીએ પાણી વાળવા માટે જઈ રહ્યા હતા.જે દરમિયાન રસ્તામાં ઘેટા બકરા લઈને જઈ રહેલા હરધ્રોળભાઈ સામતભાઈ રબારી, તેમજ રાજાભાઈ સામતભાઈ રબારી કે જે બંને માલધારી શખ્સોએ અહીંથી મોટરસાયકલ કેમ ચલાવો છો, તેમ કહીને તકરાર કરી હતી. ત્યારબાદ બંને માલધારી એ લાકડી વડે ખેડૂત યુવાનો પર હુમલો કરી દેતાં બંનેને ફ્રેક્ચર સહિતની ઈજા થઈ છે. જે મામલે પોલીસ ફરિયાદ નોંધાવાઇ છે.

આ ઉપરાંત સામા પક્ષે પણ હરધ્રોળભાઈ સામતભાઈ મોરીએ પોતાના ઉપર તેમજ રાજાભાઈ ઉપર છરી ને ધોકા વડે હુમલો કરી ઈજા પહોંચાડ્યા ની બંને ખેડૂતો સામે વળતી ફરિયાદ નોંધાવી છે. જે મામલે સિક્કા પોલીસ સ્ટેશનના એએસઆઈ સી.ડી. ગાંભવા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ઉનામાં ભીમપરા વિસ્તારમાં વય વંદના કાર્ડ રજીસ્ટ્રેશન તથા વિતરણ કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**




આજરોજ ઉના શહેરમાં આવેલ વોર્ડ નં.૫માં આવતા ભીમપરા વિસ્તારના ૭૦ વર્ષની ઉપરના વડીલો તથા સરકાર એન.એસ.ફ વંદના કાર્ડ રજીસ્ટ્રેશન તથા વિતરણનો એક કેમ્પ ભીમપરા વિસ્તારમાં આવેલ ભીમપરાના ચોરામાં યોજાયો હતો.ઉનાના કાર્યશીલ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા થયેલ આ પ્રસંશનીય કામગીરીમાં આ વિસ્તારના ૬૭થી વધુ કાર્ડનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ઉનાના માનનીય ધારાસભ્ય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, જીલ્લા ભાજપના ઉપાધ્યક્ષ રાજુભાઈ ડાભી, નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, નગરપાલિકાના ઉપપ્રમુખના પ્રતિનિધિ મયંકભાઈ જોશી, ઉના નગરપાલિકાના કારોબારી ચેરમેન ધીરુભાઈ છગ, શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ કારીયા, નગરપાલિકાના સદસ્ય વિજયભાઈ રાઠોડ, જેન્તીભાઈ બાંભણીયા, નિલેશભાઈ વાજા, શહેર ભાજપ મહામંત્રી કિરીટભાઈ વાજા, અશોકભાઈ રાઠોડ, રવિભાઈ રાઠોડ, કિશનભાઈ મકવાણા, અશોકભાઈ તેમજ આરોગ્ય વિભાગનો સ્ટાફ, અર્બન હેલ્થ સેન્ટરનો સ્ટાફ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર શહેરમાં કુખ્યાત દિવલા ડોને ફરીથી લખણ ઝળકાવ્યા, લૂંટ-અપહરણ સહિતનો વધુ એક ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં શાંતિનગર વિસ્તારમાં રહેતા કુખ્યાત દીવલા ડોને શહેરમાં ફરી લખણ ઝળકાવ્યા છે, અને તેની સામે અપહરણ, લૂંટ, ખંડણી ઉઘરાવવી અને હડધુત કરવા સહિતની અનેક ભારે કલમો હેઠળ ગુનો નોંધાયો છે. એક દલિત યુવાનને માર મારી અપહરણ કરાયું હોવાથી પોલીસે દિવલા ડોન અને તેના સાગરીત સામે ગુનો નોંધી બંનેની શોધખોળ હાથ ધરી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ક્રિષ્ના પાર્ક શેરી નંબર -૩ માં રહેતા અને સફાઈ કામદાર તરીકે પોતાના પિતા ને મદદ કરતા દિપક તુલસીભાઈ વાડોદરા નામના ૨૩ વર્ષના દલિત યુવાને પોતાને માર મારી બળજબરીપૂર્વક બાઈક ની લૂંટ ચલાવી તેમજ પોતાનું અપહરણ કરી ઢોર મારવા અંગે અને રૂપિયાની ખંડણી માંગવા અંગે જામનગરમાં રાંદલ નગરમાં રહેતા દિવ્યરાજસિંહ ઉર્ફે દિવલો ડોન મંગળ સિંહ ચૌહાણ અને તેના એક સાગરીત સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરીયાદી યુવાન દિપક પોતાના મિત્ર દિવ્યેશ પરમાર સાથે બાઈક લઈને જઈ રહ્યો હતો, જે દરમિયાન રામેશ્વર નગર વિસ્તારમાં આરોપી દિવલો તેના સાગ્રીત સાથે ત્યાં ધસી આવ્યો હતો, અને દલીત યુવાનને રસ્તામાં રોકી ગાળો ભાંડી મારમારી કરી હતી, અને સમાજમાં હલકા પાડવા માટે હડધૂત કર્યો હતો.

ઉપરાંત તેનું બાઈક લૂંટી લીધું હતું, અને તેમાં જ તેનું અપહરણ કરી રૂપિયા ૨૦૦૦ની ખાંડણી માંગી હતી, જે પોલીસ ફરિયાદ ના આધારે શહેર વિભાગના ડીવાયએસપી જે.એન. ઝાલા અને સ્ટાફના જયેશભાઈ ભીમાણી સહિતની પોલીસ ટીમે બંને આરોપીઓ સામે લૂંટ અપહરણ ખંડણી ઉઘરાવવી સહિતની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધ્યો છે, અને આરોપીઓ હાલ ભાગી છૂટ્યા હોવાથી બંનેની શોધખોળ ચલાવાઇ રહી છે.

# જીએસટીમાં વાર્ષિક ટર્નઓવર રૂા.૧ કરોડ કરવા બેન્કોની ભલામણ

દેશમાં ડિઝીટલ પેમેન્ટ ખાસ કરીને યુપીઆઈ દ્વારા થતા પેમેન્ટમાં જે રીતે અનેક નાના વેપારીઓ એક થી બે કરોડનું ટર્નઓવર કરે છે તે મુદે હાલમાં જ કર્ણાટકમાં રાજય સરકારે આ ટર્નઓવર કરતા વેપારીઓને નોટીસ આપ્યા બાદ હવે તેઓએ ડિઝીટલ પેમેન્ટ સ્વીકારવાનું બંધ કરી દેતા અને નો યુપીઆઈના બોર્ડ લગાવી દેતા મોટો પ્રશ્ન ઉભો થયો છે. એક તરફ સરકારે ડિઝીટલ પેમેન્ટને વેગ આપવા માંગે છે પણ બીજી તરફ યુપીઆઈ પેમેન્ટ સીસ્ટમ જે દુનિયાભરમાં ભારતની અનોખી ડિઝીટલ સીસ્ટમ છે તેના કારણે વેપારીઓને જીએસટી વગેરેની નોટીસ મળતા જ હવે નાણા મંત્રાલયે આ અંગે બેંકો પાસે પણ તેમના અભિપ્રાય મંગાવ્યા હતા જેમાં બેન્કોએ જીએસટીની મર્યાદા હાલ રૂા.૪૦ લાખ છે તે વધારીને રૂા.૧ કરોડની કરવા ભલામણ કરી છે. મોટાભાગના વેપારીઓ ૪૦ લાખની મર્યાદા બહારનું ટર્નઓવર કરતા હોવા છતાં પણ તેઓ જીએસટીના માળખામાં ન આવે તે માટે અનેક પ્રકારે પ્રયોગો કરતા હોય છે જેમાં ડિઝીટલ પેમન્ટ એ સૌથી વધુ નાના વેપારીઓ સ્વીકારે છે અને તેઓનું વાર્ષિક ટર્નઓવર રૂા.૪૦ લાખથી વધી જાય છે પણ તેઓ રિટર્ન ફાઈલ કરતા નથી કે જીએસટી નંબર મેળવતા નથી.

# ગુપ્ત પ્રયાગ તીર્થ ધામ ખાતે વૃદ્ધાશ્રમમાં વડીલો સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરતી ઉના પોલીસ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

આજરોજ ઉના પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એમ.એન.રાણા નાઓના માર્ગદર્શન મુજબ ઉના પોલીસ સ્ટેશન શીટીમ દ્વારા દિવ્યાંગ કેર ટ્રેનીંગ સેન્ટર કંસારી ખાતે રહેતા દિવ્યાંગ બાળકોને તથા મુક્તાનંદજી બાપુ સંચાલીત માવતરવ્રુધ્ધાશ્રમ ગુપ્તપ્રયાગ ખાતે રહેતા સીનિયર સીટીઝનને રક્ષાબંધનનાં તહેવાર સબબ રાખડી બાંધી રક્ષાબંધનના તહેવારની ઉજવણી કરવામાં આવી આ ઉજવણી કરતા વડીલો ખુશ થયા હતા



# સોનાને ટેરિફ મુકિત મળશે

અમેરીકાએ ભારત સહિતના દેશો પર ધરખમ ટેરીફ લાગુ કર્યો છે અને તેનાથી જવેલરી સહિતના નિકાસ ક્ષેત્રોમાં સોપો પડી ગયો છે. ત્યારે ટ્રમ્પ સરકાર દ્વારા સોનાને ટેરીફમાંથી મુકિત આપવામાં આવે તેવા સંકેત છે. સુત્રોના કહેવા પ્રમાણે અમેરીકામાં સોનાની ઈંટ (ગોલ્ડ બાર) ની આયાત ટેરીફ મુકત કરવાના નિર્ણય પર ટ્રમ્પ સરકાર તુર્તમાં ફેંસલો કરશે.છેલ્લા દિવસોમાં સોના પરની ટેરીફ સંબંધી દ્વિધાને કારણે સોનાના ભાવમાં જબરી તેજી થઈ હતી અને ભાવ નવી ઉંચાઈએ પહોંચવા લાગ્યા હતા.

# ગોંડલમાં મોંઘીબા કન્યા તાલુકા શાળા ખાતે 'હર ઘર તિરંગા' અભિયાન અન્વયે વિવિધ પ્રવૃતિઓ યોજાઈ

### દેશભક્તિ ગીતો પર નૃત્ય અને પેપર આર્ટ થકી દેશપ્રેમ ઉજાગર કરતી વિદ્યાર્થીનીઓ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશભરમાં સ્વતંત્રતા પર્વની ઉજવણી રૂપે 'હર ઘર તિરંગા' અભિયાન ચાલી રહ્યું છે. જેના ભાગરૂપે રાજકોટ જિલ્લામાં દેશભાવના ઉજાગર કરવા માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે ગોંડલ નગરપાલિકા દ્વારા મોંઘીબા કન્યા તાલુકા શાળા નંબર ૦૩ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમો, પેપર આર્ટ અને રંગોળી સ્પર્ધા યોજાઈ હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીનીઓએ દેશભક્તિના ગીતો પર સુંદર નૃત્ય પ્રસ્તુત કર્યા હતા અને સૌના હૃદયમાં દેશપ્રેમ જગાવ્યો હતો. ઉપરાંત, પેપર આર્ટ પ્રદર્શનમાં કન્યાઓએ કાગળમાંથી વિવિધ કલાકૃતિઓ બનાવીને, તેમની સર્જનાત્મકતાનો પરિચય આપ્યો હતો. તેમજ રંગોળી સ્પર્ધામાં પણ વિદ્યાર્થીનીઓએ ત્રિરંગાની થીમ પર મનમોહક રંગોળીઓ બનાવીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

આ કાર્યક્રમમાં શાળાની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જે બદલ શાળા સંચાલકોએ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# હત્યા કેસમાં જેલમાંથી આવતાંની સાથે જ પાડોશીએ યુવતીને પજવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયા રોડ પર ઈન્ડિયન પાર્કમાં આવેલા આરએમસી ક્વાર્ટરમાં રહેતી અને હરિપર ગામે કામદાર કોલેજમાં બીએસસી નર્સિંગ સ્ટાફ તરીકે અભ્યાસ કરતી યુવતીને અગાઉ તેના પાડોશમાં રહેતા યુવકે કોઈ જ કારણ વગર પજવતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગે શ્રદ્ધા અરવિંદભાઈ મારૂએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અગાઉ તેના પાડોશમાં રહેતા રવિ ભરવાડનું નામ આપ્યું હતું. શ્રદ્ધાએ જણાવ્યું કે અગાઉ તેના ક્વાર્ટરની બાજુમાં રવિ ભરવાડ રહેતો હોય તેને પાડોશી તરીકે ઓળખતી હતી. પાછલા સપ્તાહે રવિ હત્યા કેસમાં જેલમાંથી બહાર આવ્યો હતો. દરમિયાન ત્રણ દિવસ પહેલાં તે મોટર સાઈકલ પર ધસી આવ્યો હતો અને હું મારા પુરુષ મિત્ર સાથે જઈ રહી હોય તેવો - વીડિયો ઉતારી નાસી ગયો હતો.

ત્યારબાદ શ્રદ્ધા તેના દાદી સાથે રૈયા ગામ જવા માટે ક્વાર્ટરની બહાર નીકળી કે રવિ તેના મિત્ર સાથે ધસી આવ્યો હતો અને તારો વીડિયો મારી પાસે છે જેને હું વાયરલ કરી દઈશ તેવી ધમકી આપી માથાકૂટ શરૂ

કરતા દાદી વચ્ચે પડતાં તેમને ગાળો આપી રવિએ શ્રદ્ધાને ફડાકો મારી દીધો હતો. આ પછી શ્રદ્ધાના કાકા દોડી આવતા રવિએ તેના મિત્રને કહ્યું હતું કે છરી કાઢ, શ્રદ્ધાને આજે અહીં મારી જ દેવી છે, આ તો મારું મકાન અહીંયાથી વેચી નાખ્યું છે બાકી તારા જેવીને અહીં રહેવા પણ ન દઉ તેવું કહી ફરાર થઈ ગયો હતો.

# નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા રાજકોટ - અમદાવાદ હાઈવે પર નાની મોલડી નજીક રસ્તા પર ડામર વર્ક કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશ અનુસાર રાજ્યભરમાં માર્ગ મરામતની કામગીરી હાથ ધરવામાં આવી છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના રાજકોટ ડિવિઝન દ્વારા જિલ્લામાં વરસાદના કારણે રસ્તાઓ પર પડી ગયેલા ખાડાઓનું સમારકામ કરવામાં આવી રહ્યું છે. જે અન્વયે રાજકોટ - અમદાવાદ હાઈવે પર નાની મોલડી નજીક રસ્તા પર ડામર વર્ક કરવામાં આવ્યું હતું. જેથી, રાહદારીઓ અને વાહનચાલકોને આવનજાવનમાં સુગમતા રહેશે. આમ, રાજકોટ જિલ્લામાં રોડ રીપેરિંગની કામગીરી અવિરત ચાલી રહી છે.



# રક્ષાબંધનના દિવસે જ બે બહેનોના એકના એક ભાઈનું અકસ્માતમાં મોત

### યુવક કામ સબબ રાજકોટથી પરત ફરતો હતો ત્યારે મીતાણા નજીક ઘટના બની

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબીના મીતાણા નજીક થયેલ કાર અકસ્માતમાં રાજકોટથી પરત ફરી રહેલા ૨૨ વર્ષીય યુવકનું મોત નિપજ્યું હતું. રક્ષાબંધન એટલે ભાઈ બહેનનાં પ્રેમનો તહેવાર ત્યારે આ દિવસે મોરબીની બે બહેનોએ પોતાના લાડકવાયા ભાઈને અકસ્માતમાં ગુમાવતાં બંને શોકમાં સરી પડે હતી.

આ અંગેની મળતી માહિતી મુજબ, મોરબીના મહેન્દ્રનગર વિસ્તારમાં રહેતા ૨૨ વર્ષીય સિદ્ધરાજસિંહ શક્તિસિંહ વાઘેલા પોતાના મિત્ર સાથે શનિવારે રક્ષાબંધનના દિવસે કામ સબબ રાજકોટ. આવ્યા હોય અહીંથી સવારે પરત ફરતી વેળાએ મીતાણા નજીક હાઈવે પર આગળ જતી કારના ચાલકે અચાનક બ્રેક મારતાં સિદ્ધરાજસિંહની કાર તેની પાછળ અથડાઈ હતી. અકસ્માતમાં સિદ્ધરાજસિંહને ગંભીર ઈજા થઈ, જ્યારે તેમની સાથે રહેલા મિત્રને પણ ગંભીર ઈજાઓ થઈ. બંનેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મોરબીની આયુષ્માન હોસ્પિટલમાં લઈ જવાયા. સિદ્ધરાજસિંહની હાલત ગંભીર હોવાથી તેમને વધુ સારવાર માટે રાજકોટની સ્ટર્લિંગ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા, પરંતુ ત્યાં સારવાર દરમિયાન તેમણે દમ તોડયો. તેમના મિત્રની સારવાર હજુ ચાલુ છે.

સિદ્ધરાજસિંહ બે બહેનોના એકમાત્ર ભાઈ હતા અને અપરિણીત હતા. તેઓ ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા. રક્ષાબંધનના દિવસે ભાઈના આકસ્મિક મોતના સમાચારથી બંને બહેનો શોકમાં ડૂબી ગઈ છે. આ ઘટનાને લઈને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ અને સુરેન્દ્રનગરમાં ચોરીમાં સંડોવાયેલા આરોપીઓ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા એક સફળ કામગીરી પાર પાડી રાજકોટ શહેર અને સુરેન્દ્રનગર જિલ્લામાં સક્રિય એવા ગુનેગારોને ઝડપી પાડવામાં આવ્યા છે. આ આરોપીઓ પાસેથી ચોરી, વાહનચોરી, અને ઘરફોડ જેવી ઘટનાઓમાં ચોરી થયેલો મુદ્દામાલ પણ કબ્જે કરવામાં આવ્યો છે.



આ સંયુક્ત કાર્યવાહીમાં, પોલીસ દ્વારા ઝડપાયેલા આરોપીઓએ અનેક ગુનાઓની કબૂલાત કરી છે. જેમાં મોરબીના અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનાઓ, રાજકોટ શહેર અને રાજકોટ તાલુકામાં નોંધાયેલા ગુનાઓ તેમજ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાનો પણ સમાવેશ થાય છે. આ સફળ ઓપરેશનથી ત્રણેય જિલ્લાઓમાં ગુનેગારોની હિંમતને મોટો ફટકો પડ્યો છે.

આ સમગ્ર કાર્યવાહીને સફળ બનાવવા માટે પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલું (આઈપીએસ), નાયબ પોલીસ અધિક શક આર બી દેવધા અન્ય વરિષ્ઠ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ કાલાવડ ટાઉન પોલીસની ટીમે સરાહનીય કામગીરી કરી છે. આ ટીમમાં પોલીસ ઈન્સ્પેક્ટર એનવી આંબલીયા પોલીસ સબ-ઈન્સ્પેક્ટર ધનાભાઈ મોરી, હેડ કોન્સ્ટેબલ જીતેન પાગડર, હેડ કોન્સ્ટેબલ રણજીતસિહ જાડેજા, તેમજ અન્ય પોલીસકર્મીઓ અને મહિલા પોલીસ ભારતીબેન વાડોલીયા સમાવેશ થાય છે.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે આ સફળ ઓપરેશન પાછળ પોલીસ ટીમના સુચારું સંકલન અને રાત-દિવસના પ્રયત્નો જવાબદાર છે. આ ગુનાઓ પરથી આ ગુનેગારો દ્વારા અન્ય ગુનાઓની ઘટનાઓમાં પણ સંડોવણી હોવાની શક્યતાને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે.

### રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે કાલેના યોજાનાર

# "તિરંગા યાત્રા" કાર્યક્રમ અનુસંધાને રેસકોર્ષ ખાતે સ્થળ મુલાકાત કરતા રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ તથા અધિકારીઓ

### "તિરંગા યાત્રા"ના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તડામાર તૈયારી શરૂ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતનો રાષ્ટ્રધ્વજ આપણા સમગ્ર દેશ માટે રાષ્ટ્રીય ગૌરવની બાબત છે. રાજ્ય સરકારશ્રીના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રધ્વજના સન્માનમાં સ્વતંત્રતા સપ્તાહ દરમ્યાન "તિરંગા યાત્રા" કાર્યક્રમની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. રાજ્ય કક્ષાએ લોકોમાં રાષ્ટ્રધ્વજ અને દેશ માટે ગર્વની ભાવના જાગે તે હેતુથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી તા.૧૨/૮ના રોજ સવારે ૮:૩૦ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમા, બહુમાળી ભવન ચોક, રેસકોર્ષ રિંગ રોડ ખાતેથી"તિરંગા યાત્રા" કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

આ "તિરંગા યાત્રા"નાં અનુસંધાને કાર્યક્રમ સ્થળ તથા રૂટની સ્થળ મુલાકાત દરમ્યાન મેયર નયનાબેન પેઢડિયા,ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા,સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર,શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ,શાસક પક્ષના દંડક મનીષભાઈ રાડીયા,સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા,નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી,હર્ષદ પટેલ,સહાયક કમિશનરઓ, સિટી એન્જિનિયરઓ ઉપરાંત તથા તિરંગા યાત્રાના અનુસંધાને જવાબદારી સુપ્રત કરેલ લગત જુદીજુદી શાખાઓના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.

આ મુલાકાત દરમ્યાન રૂટ પરનાસ્ટેજ વ્યવસ્થા, મુખ્ય સ્ટેજ વ્યવસ્થા, રૂટ સફાઈ, લાઈટ્સ, સાઉન્ડ, સુરક્ષા, પાર્કિંગ, તિરંગા વિતરણ વગેરે તમામ બાબતોની મેયરશ્રી સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ અને એજન્સીઓ સાથે કાર્યક્રમના સુચારૂ આયોજન માટે જરૂરી ચર્ચા કરવામાં આવેલ તેમજ સંબંધક અધિકારીઓને અને એજન્સીના પ્રતિનિધિઓને સુચના આપવામાં આવેલ.

# મોરબી શેરીમાં કાર ધીમે ચલાવવાનું કહેતાં વેપારી પર હુમલો

### અજાણ્યા પાંચ આરોપી સામે ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના નવલખી બાયપાસ રોડ ઉપર કૈલાસ પાર્ક સોસાયટીમાં શેરીમાં નીકળેલ નંબર પ્લેટ વિનાની સ્વીફ્ટ કારના ચાલકને વેપારીએ કાર ધીમે ચલાવવાનું કહેતા, કારચાલકે તેના અન્ય સાથીઓને બોલાવી વેપારી તથા તેમના મિત્ર ઉપર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ શહેર પોલીસે પાંચેય આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે.

આ અંગેની માહિતી મુજબ મોરબીના કૈલાસ પાર્ક સોસાયટી નવલખી બાયપાસ ભગવતી હોલ પાસે રહેતા ૩૫ વર્ષીય મનોજભાઈ ભીખાભાઈ કલોલા ગત તા. ૦૯ ઓગસ્ટના રાત્રીના આશરે ૧૨.૩૦ વાગ્યે પોતાની સોસાયટીની શેરીમાં ઘર પાસે તેમના મિત્ર મહેશભાઈ ચંદુભાઈ ભેસદડીયા અને બનેવી વિમલભાઈ મનશુખભાઈ સાથે બેઠા હતા, ત્યારે શેરીમાંથી નંબર વિનાની મારૂતિ સ્વિફ્ટ કાર પુરઝડપે પસાર થતા મનોજભાઈએ કારચાલકને કાર ધીમે ચલાવવા કહ્યું હતું, જેથી કારચાલક ગુસ્સે થઈ ગાળો આપી ઝગડો કરવા લાગ્યો હતો. બાદમાં કાર ચાલકે પોતાના મામાને બોલાવ્યા હતા, તેઓએ પણ મનોજભાઈને કહ્યું કે, કાર તો આમ જ ચાલશે, બાદમાં કાર ચાલકે અન્ય કોઈને ફોન કરતા, કિયા સેલ્ટોસ કાર જીજે-૧૮-ઈસી-૦૦૨૭ માં વધુ બે સાથીઓ ત્યાં આવ્યા અને આ પાંચેય આરોપીઓએ મનોજભાઈ સાથે ઝપાઝપી કરી હતી, આ દરમિયાન સ્વિફ્ટ કારચાલકના હાથમાં રહેલી કોઈ વસ્તુ વડે મનોજભાઈના માથાના આગળ-પાછળના ભાગે તથા હોઠમાં ઈજા થઈ હતી. જ્યારે મનોજભાઈના મિત્ર મહેશભાઈને પણ મૂઢ ઈજા પહોંચી હતી. મનોજભાઈના પત્ની રીંકલબેન વચ્ચે પડતાં તેમને ધક્કો લાગી જતા જમીન પર પડી ગયા હતા.

જે બાદ સોસાયટીના લોકો એકઠા થઈ જતા પાંચેય આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપીને સેલટોસ કાર મૂકીને ત્યાંથી ભાગી ગયા હતા. સમગ્ર ઘટના મામલે પોલીસને જાણ કરતા તાત્કાલિક પોલીસ ટીમ સ્થળ ઉપર પહોંચી મનોજભાઈ અને મહેશભાઈને મોરબીની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં મનોજભાઈના માથામાં બે-બે ટાંકા આવ્યા હતા. મોરબી પોલીસે પાંચેય અજાણ્યા આરોપીઓ સામે મારામારી, ધમકી અને અન્ય કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓની અટક કરવા તજવીજ હાથ ધરી છે.

# સાઈબર ક્રાઈમ પોલીસ દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

### આત્મીય યુનિવર્સિટી ખાતે યોજાયેલા સાઈબર સુરક્ષા અભિયાન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના પોલીસ વિભાગ દ્વારા ચલાવવામાં આવતા 'સાઈબર સુરક્ષા' અભિયાન અંતર્ગત રાજકોટમાં એક મહત્વપૂર્ણ કાર્યક્રમ યોજાયો. આત્મીય યુનિવર્સિટીની સ્કૂલ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સે રાજકોટ સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અને ઈન્ડિયન ફાર્મસી ગ્રેજ્યુએટસ એસોસિએશનના રાજકોટ ચેપ્ટરના સહયોગથી આ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું.

કાર્યક્રમમાં પોલીસ ઈન્સ્પેક્ટર પિયુષ ડોબરીયા અને બ્રિજરાજસિંહ જાડેજા તેમજ તેમની ટીમે હાજરી આપી. તેમણે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સાઈબર સુરક્ષા અંગે માર્ગદર્શન આપ્યું.

સાઈબર ક્રાઈમથી બચવાની પદ્ધતિઓ અને તેનો સામનો કેવી રીતે કરવો તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી. આ કાર્યક્રમને સફળ બનાવવા રચના જોષી, કેવિન ગરાળા, ફાલ્ગુન ધાબળીયા અને ધાર્મિક મહેતાએ જહેમત ઉઠાવી.વિદ્યાર્થીઓમાંથી શ્રેયા લીંબાસીયા, સ્વાતિ વડોદરિયા, ઉર્વી પટેલ અને કીર્તન પટેલે કાર્યક્રમના સંચાલનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. આ કાર્યક્રમ દ્વારા સાઈબર સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

# ચોટીલામાં પવિત્ર શ્રાવણમાં માસ ભરેલી કાર ઝડપાઈ

### ધાર્મિક લાગણી દુભાવનારા સામે કડક કાર્યવાહીની માંગ

**મુખ્ય સમાચાર, ચોટીલા**

પવિત્ર યાત્રાધામમાં ચોટીલા શહેરમાં ગે. કા કારમાં આવતો શ્રાવણ માસમાં આવતો માસ નો જથ્થો ઝડપાતા ચકચાર જગાવી છે.

ચોટીલા શહેરમાં ચાલતા ગેરકાયદેસર કતલખનાઓ અને માસ મટન વેચનારાઓ ઉપર સખ્ત કાર્યવાહી તેમજ હિન્દુ ધર્મનાં પવિત્ર શ્રાવણ માસ સહિતના તહેવારોના દિવસોમાં આવા વેચાણો બંધ રખાવવા રજૂઆત કરાઇ હતી

તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવાને બદલે આખ આડા કાન કરતા હોવાની ચર્ચા વચ્ચે શહેરની અંદર આવી રહેલો ગેરકાયદેસર માસના જથ્થા સાથે ૠ૨૦ કાર ઝડપાતા ચકચાર જગાવી હતી કાર પકડાયેલા શખ્સ વિરૃધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ચોટીલા એ માં ચામુંડા નું પવિત્ર યાત્રાધામ હોય શ્રાવણ માસ નિમિત્તે કતલખાના બંધ કરવા હિન્દુ સંગઠનો દ્વારા થોડા સમય પહેલા આવેદનપત્ર પણ આપેલા હતા છતાં બે રોકટોક ચાલી રહેલા કતલખાનાઓ પોતાની હદને વટાવી રહ્યા હતા અને પોલીસનો કોઈપણ જાતનો ડર રાખતા ન હતા આજરોજ ચોટીલા શહેરના બસસ્ટેશન રોડ પર આવી રહેલી ૠ૨૦ કાર સાથે શંકાસ્પદ માસમાં જતા સાથે એક શખ્સ ઝડપાયો તમામ કતલખાનાઓ યુદ્ધના ધોરણે બંધ કરી સરપ્રાઈઝ ચેકિંગ કરી કાયદેસરના ગુના દાખલ કરવા જીવ દયા પ્રેમીઓ હિન્દુ સંગઠનોની માંગ હિન્દુ ધર્મના પવિત્ર શ્રાવણ માસમાં પણ યાત્રાધામમાં આવા હિન્દુ ધર્મની લાગણી દુભાવતા શખ્સો સામે કડક કરી કરવા જીવદયા પ્રેમીઓ હિન્દુ સંગઠનો ની માંગ છે.

# તહેવારોમાં આસમાને પહોંચતા વિમાની ભાડા



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

તહેવારોની સિઝન સાથે વિકએન્ડની રજાઓનો સારો મેળ બેસી ગયો છે. લોકોને ટુંકો પ્રવાસ કરવાની અથવા પરિવાર સાથે રજા ગાળવાની તક મળી છે તેવા સમયે વિમાની ભાડા આસમાની ઉંચાઈને આંબવા લાગ્યા છે. વિમાની ભાડા ત્રણથી પાંચ ગણા મોંઘા થઈ ગયા છે.

અમદાવાદમાં વિમાની દુર્ઘટના બાદ લોકોમાં ડર હોય તેમ વિમાની ભાડા નીચા આવ્યા હતા. વિમાની પ્રવાસ ઘટવાની ચર્ચા થવા લાગી હતી. પરંતુ આજે રક્ષાબંધન તથા આવતા સપ્તાહમાં સળંગ ત્રણ રજાઓના વિમાની ભાડા પર નજર કરવામાં આવે તો કોઈ ડર કે ગભરાટ લાગતો નથી.

આજના અમદાવાદથી દિલ્હીના વિમાની ભાડા ૨૦૦૦૦ થી ૨૪૦૦૦ના સ્તરે પહોંચ્યા હતા. અમદાવાદથી બેંગ્લોરનુ વિમાની ભાડુ ૧૦૦૦૦ વાળુ ૩૧૦૦૦ થયુ હતું. અમદાવાદ-મુંબઈનું ભાડુ પણ ૧૦૦૦૦ થી ૨૦૦૦૦ની વચ્ચે રહ્યા હતા.

હવે આવતા સપ્તાહમાં તા.૧૫થી૧૭ ઓગષ્ટ સળંગ ત્રણ રજા છે. શુક્રવારે સ્વતંત્રતા દિન છે. શનિવારે જન્માષ્ટમી તથા રવિવારે અઠવાડિક રજા છે. આ ત્રણેય દિવસોના ભાડા પણ ઉંચા છે. અમદાવાદથી દિલ્હીના ૨૦૦૦૦ છે, રિટર્ન ફલાઈટના ૧૫૦૦૦ છે. અમદાવાદથી મુંબઈના ૨૦૦૦૦ સુધી પહોંચ્યા છે.

રાજકોટથી પણ વિવિધ સેન્ટરોના વિમાની ભાડા ઉંચા છે. સૌરાષ્ટ્રમાં જન્માષ્ટમીનું મીની વેકેશન હોય છે. પ્રવાસનો ટ્રેન્ડ પ્રચલિત છે. ગોવા જેવા સેન્ટર ફેવરીટ છે. ગોવાનુ ભાડુ ડબલ જેવુ થયુ છે. સામાન્ય રીતે ૭૦૦૦માં મળતી ગોવાની ટિકીટના ૧૩૦૦૦થી૧૪૦૦૦ છે.

દિલ્હીના સરેરાશ ૫૦૦૦ વાળા ૮૦૦૦, મુંબઈના ૪૫૦૦-૫૦૦૦ વાળા ૮૦૦૦, પુનાના ૬૦૦૦વાળા ૯૦૦૦, હૈદ્રાબાદના ૬૦૦૦વાળા ૮૦૦૦ તથા બેંગ્લોરના ૬૦૦૦વાળા ૧૦૦૦૦ છે.

ટ્રાવેલ એજન્ટોના કહેવા પ્રમાણે તહેવારોનો સમયગાળો છતા બુકીંગ પ્રમાણમાં ઓછા જ છે. પરંતુ વિમાની ભાડામાં અસામાન્ય વધારો જોવા મળી રહ્યો છે. બધી ફલાઈટમાં સીટ-ટિકીટ તો મળે જ છે છતાં ઉંચા ભાડા વસુલવામાં આવી રહ્યા છે.

# દીવથી બાઈકમાં ગુજરાત લઈ જવાતો ૨૯૯ બોટલ દારૂ ઝડપાયો



### ક્રાઈમ સ્પે. સ્ટાફે ત્રીપુટીની કરી ધરપકડ

**મુખ્ય સમાચાર, દીવ**

દીવમાંથી ગુજરાતમાં જતો દારૂ દીવ ક્રાઈમ સ્પેશ્યલ સ્ટાફ ટીમે પકડી ત્રણ શખ્સોની કરી અટક અને દરૂ ભરેલી ત્રણ ટુ વ્હીલર કબ્જે કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

જાણવા મળતી વિગતો મુજબ ગોઘલા કોલોની રોડ ઉપર દરીયાઈ સાઈડ દારૂ ભરેલી ત્રણ ગાડીઓ અને ત્રણ શખ્સોને દીવ ક્રાઈમ સ્પેશયલસ્ટાફ ટીમના હેડ કોન્સ્ટેબલ જીતુભાઈ પંડયા અને કેતન રાઠોડે ઝડપી પાડયા આ ત્રણેય શખ્સો, ગાડી અને દારૂને પોલીસ સ્ટેશને લાવી ગણતરી કરતા ૨૯૯ બોટલ જે ૩૪૩૭૫ની રકમનો દારૂ દીવ એસપી સચિન યાદવના માર્ગદર્શનમાં જીતુભાઈ પંડ્યા સહિતની ટીમે કાર્યવાહી કરી હતી.

# પ્યાસીઓની પ્યાસ બુજાવવા ૭૬ બોટલ દારૂ ભરેલી રિક્ષા સાથે ચાલક ઝડપાયો

### દારૂ અને રિક્ષા મળી ૧.૬૮ લાખનો મુદ્દામાલ જપ્ત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં તહેવાર ટાણે બુટલેગરો પ્યાસીઓની પ્યાસ બુઝાવવા મેદાને પડ્યા હોય તેમ દરરોજ અનેક બુટલેગરો પોલીસના હાથે દારૂના જથ્થા સાથે ઝડપાઈ રહ્યા છે ત્યારે વધુ એક દરોડામાં રાજકોટ, ભાવનગર હાઈવે પર આવેલા કાળીપાટ પાટિયા પાસેથી પોલીસે વિદેશી દારૂ ભરેલી રિક્ષા ઝડપી લીધી હતી. પોલીસે ૭૬ બોટલ દારૂ અને રિક્ષા મળી ૧,૬૮,૮૦૦ના મુદ્દામાલ સાથે ચાલકને ઝડપી લીધો હતો.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ રાજકોટ-ભાવનગર હાઈવે પર આવેલા કાળીપાટ ગામના પાટિયા પાસેથી વિદેશી દારૂ ભરેલી રીક્ષા પસાર થવાની હોવાની બાતમીના આધારે આજીડેમ પોલીસ મથકની ટીમ કાળીપાટ ગામના પાટિયાપાસે વોચમાં ગોઠવાઈ હતી. તે દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી જીજે ૩ એઝેડ ૩૨૩૦ નંબરની રિક્ષા શંકાસ્પદ જણાતા પોલીસે તેને અટકાવી હતી. અને રિક્ષાની તલાશી લેતા રિક્ષામાંથી રૂા. ૯૮,૮૦૦ની કિંમતની ૭૬ બોટલ દારૂ મળી આવી હતી. રિક્ષામાંથી દારૂનો જથ્થો હાથ લાગતા પોલીસે રિક્ષાચાલક આમીન ઉર્ફે મુન્નો કાશમભાઈ ખીરા (રહે. કાલાવડ રોડ વૃંદાવન સોસાયટી આવાસ યોજનાના ક્વાટર) રાજકોટને ઝડપી લીધો હતો. પોલીસે દારૂ અને રિક્ષા મળી રૂા. ૧,૬૮,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે વિદેશી દારૂ ક્યાંથી લાવ્યો હોવાનું અને ક્યાં આપવાનો હોવા સહિતની પુછપરછ હાથ ધરી દારૂના મુળ સુધી પહોંચવા તપાસનો દૌર લંબાવ્યો છે.

# તને મારી નાખવો હોય તો સેકન્ડ થાય તેમ કહી છરીની અણીએ બે મિત્રોને આપી ધમકી

### રાજકોટની ઘટના બિભસ્ત ગાળો ભાંડી જાતિપ્રત્યે અપમાનિત કર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોરઠિયા પ્લોટ વિસ્તારમાં રહેતો યુવાન પોતાના મિત્ર સાથે બાપુનગર મેઈન રોડ ઉપર નાસ્તો કરતો હતો ત્યારે એક શખ્સ છરી સાથે ધસી આવ્યો હતો. અને બિભસ્ત ગાળો ભાંડી તને મારી નાખવો હોય તો સેકન્ડ થાય તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે યુવાને પોલીસ દફતરે ધમકી અને એટ્રોસીટી એક્ટની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો દૌર લંબાવ્યો છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં સોરઠિયાપ્લોટ વિસ્તારમાં જિલ્લાગાર્ડન ચોક પાસે રહેતો મહેન્દ્ર ઉર્ફે મેહુલ મહેશભાઈ સિંધવ નામનો ૨૧ વર્ષનો યુવાન ગઈકાલે સાંજના પાંચેક વાગ્યાના અરસામાં પોતાના મિત્રકેતનભાઈ સાથે બાપુનગર મેઈન રોડ ઉપર નાસતો કરતો હતો ત્યારે રામનાથપરામાં રહેતો મોસીન ઉર્ફે ભેંસ નાસીરભાઈ નામનો શખ્સ છરી સાથે ધસી આવ્યો હતો. અને મહેન્દ્ર ઉર્ફે મેહુલ સિંધવને બિભસ્ત ગાળોભાંડી હતી. અને છરી બતાવી તને મારી નાખવો હોય તો સેકન્ડ થાય તેમ કહી ધમકી આપી હતી. આ અંગે મહેન્દ્ર ઉર્ફે મેહુલ સિંધવે ભક્તિનગર પોલીસ મથકમાં મોસીન ઉર્ફે ભેસ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ભક્તિનગર પોલીસ અને મદદનીશ પોલીસ કમિશનર બી.વી. જાધવે ફરિયાદના આધારે કાનુની તપાસનો દૌર લંબાવ્યો છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જીલ્લાના મંદિરોમાં લુંટ અને ચોરી કરતી ટોળકી ઝડપાઇ








### રાજકોટ ગ્રામ્ય એલસીબીને મળી સફળતાઃ ત્રણ શખ્સોને પોલીસે દબોચી લઇ રૂ.૪.૪૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત અનેક જીલ્લામાં મંદિરોમાં મહંત કે સાધવીને બંધક બનાવી માલમત્તાની ચોરી અને લુંટ કરતી ટોળકી છેલ્લા ઘણા સમયથી રાજકોટ ગ્રામ્ય મોરબી અને સુરેન્દ્રનગર જીલ્લામાં ચોરી કરી આતંક મચાવ્યાની ઘટનાઓ પ્રકાશમાં આવ્યા બાદ રાજકોટના કોટડાસાગાણીના સોળીયા ગામે રોકડીયા હનુમાન મંદિરના મહંતને બંધક બનાવી લાયસન્સવાળી બંદુક તથા રોકડ તથા દાગીનાની લુંટ ચલાવ્યાની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમે આ ટોળકીના ત્રણ શખ્સોને દબોચી લઇ રૂ.૪.૪૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી અનેક ચોરી અને લુંટના ભેદ ઉકેલી નાખ્યા છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટ ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઇ એચ.સી.ગોહીલ, એએસઆઇ ઈન્દ્રસિંહ, જયવિરસિંહ, અનિલભાઇ, બ્રિજરાજસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે સ્ટાફને મળેલ ચોક્કસ બાતમીના આધારે રાકેશ ઉર્ફે રાહુલ મુકેશ ઉર્ફે મનસુખ સોલંકી (રહે. જેતપુર, ભાદરના સામાકાંઠે, આશાપુરા ચોક, હાલ રાજકોટ શિવધારા સોસાયટી, હુડકો ચોકડી) તથા તેનો ભાઇ વિજય મુકેશ ઉર્ફે મનસુખ સોલંકી તથા રોનક રાજેશ ગીરજાશંકર ભટ્ટ (રહે. આશાપુરા નગર શેરી નં.૨, કોઠારીયા મેઇન રોડ, રાજકોટ) નામના ૩ શખ્સોને દબોચી લઇ આકરી પુછપરછ કરતા સંજય ઉર્ફે મુકેશ જીણા સોલંકી તથા દિલીપ ઉર્ફે સરખરીયો મનસુખ પરમાર અને તેનો મીત્ર સહિતના શખ્સોએ મળી ગઇ તા.૨૫-૭-૨૫ના બાઇક પર રાજકોટ-ગોંડલ હાઇવે પર જઇ વાઘેશ્વર મહાદેવ મંદિરના મહંતને બંધક બનાવી લુંટ કરી હતી. તથા ૩૦-૭-૨૦૨૫ના બાઇક પર ટંકારા પાસે જઇ ખોડિયાર મંદિરના સાધવીને ધમકી આપી લુંટ ચલાવી હતી. ગઇ તા.૬-૮-૨૦૨૫ના બાઇક પર ચોટીલાના નાની મોરડી ખાતે આવેલ જય અંબે મંદિરના સાધવીને ધમકી આપી લુંટ ચલાવ્યાની કબુલાત આપી હતી. પોલીસે વધુ તપાસ કરતા આ ટોળકીના સાગરીતો હાઇવે પર આવેલા મંદિરમાં રેકી કરી જે જગ્યાએ રાત્રીના મહંત કે સાધવી એકલા રહેતા હોય તેવા મંદિરને ટાર્ગેટ બનાવી ચોરી કે લુંટને અંજામ આપતા હતા. એલસીબીની ટીમે ઝડપાયેલા આ ત્રણેય શખ્સો પાસેથી રૂ.૪.૪૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી અન્ય ત્રણ શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

# કોર્ટમાં વકીલો આજે શ્રીફળ વધેરી હાઈકોર્ટ બેન્ચની લડતના કરશે શ્રીગણેશ

### સાંસદ પરસોતમ રૂપાલા અને ધારાસભ્ય રમેશ ટીલાળા સમક્ષ રજૂઆતઃ રાજકોટના તમામ વકીલો એક જૂથ થઈ નવેસરથી મોરચો માંડશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્યની સ્થાપના થતાં રાજકોટમાં કાર્યરત સૌરાષ્ટ્રની હાઈકોર્ટને તાળા લાગ્યા હતાં. ત્યાર બાદ સૌરાષ્ટ્રને હાઈકોર્ટ મળે તે માટે વકીલો અને રાજકીય અગ્રણીઓ સહિતના દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે અને ૧૯૮૩માં ૬ માસ સુધી હાઈકોર્ટની બેન્ચ માટે આંદોલન ચાલ્યુ હતું તેમ છતાં આજ સુધી હાઈકોર્ટની બેન્ચ ન મળતા સરકાર અને ન્યાયતંત્રની લાંબી વચનાવલી છતાં હાઈકોર્ટની ડિવિઝન બેન્ચ ચાલુ ન થતાં વકીલોમાં રોષ ભભુક્યો છે અને રાજકોટના તમામ વકીલોએ એકજૂથ થઈ આજે કોર્ટ બિલ્ડીંગ ખાતે શ્રીફળ વધેરી હાઈકોર્ટની બેન્ચની લડતના શ્રીગણેશ કરી સરકાર સામે મોરચો માડશે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ રાજકોટ ખાતે કાર્યરત સૌરાષ્ટ્રની હાઈકોર્ટ ગુજરાત રાજ્યની સ્થાપના થતાં જ બંધ કરવામાં આવી હતી. જેના કારણે સૌરાષ્ટ્ર-કચ્છના લોકોને ન્યાય માટે અમદાવાદ ખાતે કાર્યરત હાઈકોર્ટના ધક્કા કરવા પડે છે. જેના કારણે વકીલો અને અસીલોનો સમય અને ખર્ચમાં વધારો થાય છે. રાજકોટને હાઈકોર્ટની બેંચે મળે તે માટે છેલ્લા ૪૩ વર્ષથી વકીલો અને રાજકીય અગ્રણીઓ સરકાર અને ન્યાયતંત્રને રજૂઆત કરી રહ્યા છે એટલુ જ નહીં પરંતુ ૧૯૮૩માં હાઈકોર્ટની બેન્ચ માટે રાજકોટના વકીલો દ્વારા છેલ્લા છ માસ સુધી આંદોલન ચલાવવામાં આવ્યુ હતું. તેમ છતાં પણ રાજકોટને હાઈકોર્ટની બેંચ મળી ન હતી. છેલ્લા ૪૩ વર્ષથી હાઈકોર્ટની બેન્ચ માટે રાહ જોતા વકીલોએ હવે પિત્તો ગુમાવ્યો હોય અને બાંયો ચઢાવી છે. રાજકોટના વકીલો હાઈકોર્ટની બેન્ચ માટે છેલ્લા ઘણા દિવસથી સોશિયલ મીડિયામાં મેસેજો વાયરલ કરી એક જૂથ થઈ રહ્યા છે. અને તાજેતરમાં જ રાજકોટ બાર એસોસીએશન દ્વારા તાત્કાલીક મીટીંગ બોલાવી હાઈકોર્ટની બેંચની માંગણી માટે ૨૭ સભ્યોની કમીટીની રચના કરવામાં આવી હતી. પરંતુ વકીલો હાઈકોર્ટની બેંચ લઈને જ જમશે તેવી નેમ સાથે સોશિયલ મીડિયામાં મેસેજ વાયરલ થઈ રહ્યા છે અને લડતને આગળ વધારવા મજબુત બન્યા છે. ત્યારે રાજકોટના સિનિયર વકીલ અનિલભાઈ દેસાઈ, અર્જુનભાઈ પટેલ અને રક્ષિતભાઈ કૉલા સહિતના વકીલો દ્વારા રાજકોટના સાંસદ પરસોતમ રૂપાલા અને ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાને હાઈકોર્ટની બેંચ માટે રજૂઆત કરવામાં આવી હતી. જે રજૂઆતને ધ્યાને લઈ સાંસદ પરસોતમ રૂપાલા અને ધારાસભ્ય રમેશ ટીલાળાએ હકારાત્મક અભિગમ દાખવી ઉચ્ચકક્ષાએ સાથે રજૂઆત કરવા પણ આવશે તેવી ખાતરી આપી હતી. એકજૂથ થયેલા વકીલો હાઈકોર્ટની બેંચ લઈને જ જપશે જેવી નેમ સાથે આજે નવી કોર્ટ ખાતે શ્રીફળ વધેરી હાઈકોર્ટની બેંચની લડતના શ્રીગણેશ કરી સરકાર અને ન્યાયતંત્ર સામે મોચરો માંડશે. તેવુ સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

# કોઠારીયા પાસે પેટ્રોલ પંપ પર સિગારેટ પીવાની ના કહેતા છરો મારી દીધોઃ યુવાનને ઈજા

### રાજકોટમાં ગુંડાગીરી વધુ એક ઘટનાઃ ફિલરમેન પર હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સીએનજી પંપ ખાતે સિગરેટ પીવાની ના પાડતા ફિલર મેન પર છરી વડે હુમલો કરવામાં આવ્યો છે. કોઠારીયા વિસ્તારમાં આવેલ ધનલક્ષ્મી પંપ ખાતે ફિલરમેન પર છરી વડે હુમલો કરાયો. ફિલરમેનને માથાના ભાગે ઈજા થતાં ટાકા આવ્યા છે અને શરીરના હાથ પગ ઉપર છરીના ઘા લાગવાથી છરકા પડેલા છે. સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.



આજીડેમ પોલીસ મથક ખાતે અમનભાઈ ફિરોજભાઈ પઢીયાર (ઉ.વ.૨૨ ધંધો.પ્રા.નોકરી રહે. હુસેની ચોકવાળી શેરી ક્વાર્ટર નં.૧૦૦૫ કોઠારીયા સોલવંટ રાજકોટ) એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, કોઠારીયા ગામ ખાતે ધનલક્ષ્મી પેટ્રોલપંપમાં નોકરી કરું છું. તા.૯ ઓગસ્ટના રોજ રાત્રીના આશરે સાડા આઠેક વાગ્યા આસપાસ ધનલક્ષ્મી પેટ્રોલપંપ કોઠારીયા કોઠારીયા ગામ ખાતે મારી નોકરી પર હતો. હું જ્યાં સીએનજી રીફીલીંગનુ કામ કરતો હતો. ત્યા એક બ્લુ કલરની સ્વીફ્ટ ગાડી આવી ઉભી રહી અને તેની અંદર રહેલ બે લોકો સિગારેટ પીતા હતા, જેથી મે તેઓને પેટ્રોલપંપમા સિગારેટ પીવાની ના પાડી હતી. ફીલરમેને કહ્યું બંને અચાનક કે, જેથી તેઓ બંને ઉશ્કેરાઈ ગયા અને મને વગર કારણે ગાળો દેવા લાગ્યા આથી મે તેઓને ગાળો દેવાની ના પાડતા તેમાથી એક વ્યક્તિ નીચે ઉતરી મને માર મારવા લાગ્યા અને ગાડીમાથી છરો કાઢી મને માથે શરીરે છરીના ઘા મારવા લાગ્યા હતા. જ્યારે તેની સાથે રહેલ બીજો અન્ય વ્યક્તિ પણ બહાર આવી મને ઢીંકાપાટુનો માર મારવા લાગ્યો હતો.

તેને ઉમેર્યું કે, આથી મે બુમાબુમ કરતા મારા સુપરવાઈઝર રમેશભાઈ વ્રજલાલભાઈ રાઠોડ તથા સાથી કર્મચારી પ્રકાશભાઈ તથા ભીખુભાઈ અને અન્ય સાથી કર્મચારીઓ મને છોડાવવા માટે વચ્ચે પડયા હતા. પરંતુ આ બંને વ્યક્તિઓ મને સતત ઢીકાપાટુ તથા તેઓ પાસે રહેલી છરા વડે મને માર મારી રહેલ હતા. તેવામા મારા સાથી કર્મચારીઓ મને ત્યાથી છોડાવીને અંદર ઓફિસમા લઈ ગયા હતા.બહાર લોકોનું ટોળુ જમા થઈ જતા તેઓ બંને પોતાની સ્વીફ્ટ ગાડી જેના રજી નં ઋઉ-૧૧-ઈક-૨૯૪૬ વાળીમાં બેસી ત્યાથી જતા રહ્યા હતા.

જોકે જતા જતા કહેતા ગયા હતા કે તમે બધા માપમાં રહેજો અને તું છાનોમાનો ઘરે જતો રહેજે. જો અમારી ઉપર ફરીયાદ કરીશ તો જાનથી મારી નાખીશું અને ટાંટીયા ભાંગી નાખીશ્ર્સ્ર તેમ કહી ભુંડી ગાળો બોલી ત્યાથી જતા રહ્યા હતા. ફીલરમેન અમનભાઈએ જણાવ્યું કે, મને માથાના ભાગે તથા ડાબા હાથે ખુબ જ લોહી નીકળતુ હોય, જેથી મારા સાથી કર્મચારીઓ પૈકી કોઇએ ૧૦૮ને ફોન કર્યો હતો. થોડીવારમા ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા મને તેમા બેસાડી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા.

# બહેનનાં હાથે રાખડી બંધાવી ભાઈએ ટ્રેન હેઠળ ઝંપલાવ્યું

### કોટડાસાંગાણીનાં યુવાનનાં આપઘાતનું કારણ હજુ અકબંધઃ પરિવારમાં કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોટડાસાંગાણી તાલુકાના અરડોઈ ગામની સીમમાં હડમતાળા અને રીબડા વચ્ચે આવેલા રેલ્વે ટ્રેક પર એક યુવાને ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ છે. મૃતક યુવાનની ઓળખ યસ જયેશભાઈ સરવૈયા તરીકે થઈ છે. તે ૨૧ વર્ષનો હતો અને જૂની ખોખરી, કોટડાસાંગાણીનો રહેવાસી હતો.આ ઘટના રક્ષાબંધનના પવિત્ર દિવસે બની હતી. યસ સરવૈયાએ બહેનના હાથે રાખડી બંધાવ્યા બાદ કોઈ



અગમ્ય કારણોસર આ અંતિમ પગલું ભર્યું હતું. બપોરના આશરે ૨ વાગ્યાના સુમારે વેરાવળ-પુના રૂટની ટ્રેન નીચે પડતું મૂકી તેણે પોતાનું જીવન ટૂંકાવ્યું હતું. ઘટના સ્થળ રેલ્વેના પીલોર નંબર ૨૮ પાસે હોવાનું જાણવા મળ્યું છે.

આ બનાવની જાણ રીબડા રેલ્વે સ્ટેશન દ્વારા કોટડા પોલીસ સ્ટેશનને કરવામાં આવી હતી. એએસઆઈ વિશાલભાઈ ગઢાધરા અને પોલીસ સ્ટાફ તુરંત ઘટનાસ્થળે દોડી ગયા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક યુવકના દેહને શિવમ સાર્વજનિક ટ્રસ્ટની એમ્બ્યુલન્સ મારફતે પોસ્ટમોર્ટમ અર્થે કોટડાસાંગાણી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. યસ સરવૈયા એક કારખાનામાં કામ કરતો હતો. તે પરિવારમાં માતા-પિતા અને બે ભાઈઓમાં મોટો હતો. તેના અકાળે અવસાનથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. આપઘાત પાછળનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# જેતપુરના કુંભારવાડામાં જાહેરમાં જુગાર રમતી આઠ મહિલા ઝડપાઈઃ રૂ.૧.૧૨ લાખની રોકડ કબ્જે







### કાંગશીયાળી અને જેતપુરના ભોજાધાર વિસ્તારમાં જુગાર રમતા ૧૪ પત્તાપ્રેમીઓની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય વિસ્તારોમાં શ્રાવણીયા જુગારની મોસમ પુરબહારમાં ખીલી હોય તેમ જેતપુર સીટી પોલીસે કુંભારવાડા બંધ ગલીમાં જાહેરમાં જુગાર રમતી આઠ મહિલાઓને પકડી લઇ રૂ.૧.૧૨ લાખની રોકડ કબ્જે કરી છે.

પ્રથમ દરોડામાં જેતપુર સીટી પોલીસના પીઆઇ વી.એમ.ડોડીયાની સુચનાથી એએસઆઇ ભાવેશભાઇ, મીલનસિંહ, મહેશભાઇ, મહિલા કોન્સ જસુબેન, રીનાબેન સહિતનો સ્ટાફ લક્ષ્મીનગર સોસાયટી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે કુંભારવાડામાં બંધ ગલીમાં જાહેરમાં જુગાર રમતી રશીલા અનીલ ડાભી, જસી ઉર્ફે જાનવી હિતેષ નંદાણીયા, રશીલા ગોપાલ બાબરીયા, અસ્મીતા રશીક વડાલીયા, મનીષા ભાવેશ ભાલાળા, દિપાલી ઉર્ફે દુર્ગા નિલેશ ડાંગર, અંકિતા હિરેન ચુડાસમા, હેમાંશી અશોક રાઠોડ સહિત આઠ મહિલાઓની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂ.૧,૧૨,૪૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જયારે બીજા દરોડામાં જેતપુર સીટી પોલીસે ભોજાધાર વિસ્તારમાં આવેલ મહાવીર પ્રીન્ટ નામના કારખાના સામે જાહેરમાં જુગાર રમતો સંજય ઉર્ફે બોટ છગન મેર, દેવજી ઉર્ફે દેવો રામજી મકવાણા, અજય ઉર્ફે ધોલુ ધીરૂ ડાભી, સુનિલ રાજુ ચૌહાણ તથા સાગર ઉર્ફે ગદી સુનીલાલ ગોહેલ સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી રૂ.૧૦૪૯૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

જયારે ત્રીજા દરોડામાં શાપર-વેરાવળ પોલીસના પીઆઇ આર.બી.રાણાની સુચનાથી પોલીસમેન રાજેશભાઇ, દિનેશભાઇ સહિતના સ્ટાફે કાંગશીયાળી ગામની સીમમાં દરોડો પાડી જુગાર રમતો મહેન્દ્ર ઉદેશી પઠીયાર (રહે. સાયબાબા સર્કલ, આશોપાલવ પાર્ક, રાજકોટ), કિશન હસમુખ કમાણી (રહે. નવલનગર, રાજકોટ), જયસિંહ હઠીસિંહ ગોહેલ (રહે. ગ્રીનલેન્ડ, ડીમાર્ટ પાછળ, કુવાડવા રોડ, રાજકોટ), રમેશ પ્રેમજી રાવત (રહે. કોઠારીયા સોલવંત, સીતારામ શેરી નં.૫, રાજકોટ), જનકબા જયરાજસિંહ ઝાલા, દક્ષા કૌશીક માખેચા (રહે. ઉમીયા ચોક, અંકુર રોડ રાજકોટ), અંબા દિનેશ અઘેરા (રહે. મવડી રોડ, વિનાયક નગર, રાજકોટ), સુમીતા સંજય ડાંગર (રહે. સેટેલાઇટ ચોક આર્યનગર), જોશના દિનેશ અઘેરા (રહે. મવડી પ્લોટ, વિનાયક નગર) સહિત ૯ પત્તાપ્રેમીઓની ધરપકડ કરી રૂ.૮૨૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# ગોંડલના ભોજપરા ગામે ભોં ટાંકામાં છુપાવેલો ૨૫ લાખનો દારૂ પકડાયો

### પોલીસે દરોડો પાડ્યો ત્યારે કટિંગ ચાલી રહ્યું હતુંઃ દસ પકડાયા, સાત ફરારઃ ૩૮.૯૮ લાખનો મુદ્દામાલ કબજે







**મુખ્ય સમાચાર, રાજકોટ**

જન્માષ્ટમીનો તહેવાર નજીક આવી રહ્યો હોવાથી આ પર્વમાં દારૂ-જુગારની વણલખી પરંપરા નીભાવવા માટે પ્યાસીઓ-જુગારીઓ અધીરા રહેતા હોય છે. બીજી બાજુ તહેવાર પહેલાં બૂટલેગરો દ્વારા અત્યારથી જ દારૂની રેલમછેલ કરવાનું શરૂ કરી દેતાં પોલીસે પણ દરોડા પાડવાનું શરૂ કર્યું છે. આવો જ એક દરોડો ગોંડલના ભોજપરા ગામે પડયો હતો જ્યાં ભોં સંગમાં છુપાયેલાપ ૫ લાખના દારૂ સાથે દસ

ગોંડલ તાલુકા પોલીસ મથકના સ્ટાફ બાતમી મળતાં જ દરોડો પાડી ગૌરવ અરુણભાઈ દ્વારા રાજકોટ-જૂનાગઢ નેશનલ હાઈ-વે પર, ભોજપરા ગામની હદમાં ક્રિષ્ના ફર્નિચર પાછળ ઘટતું ફર્મના સફ ગવર્ગ કસેવામાં ઓવ્યાં કશાની જેઠવા, યશપાલ મુકેશભાઈ સાકરિયા, નિલેશ ભગવાનજીભાઈ સોલંકી, અનિશ સીરાજભાઈ ગુફુ કેરુભાઈ સૈના કેશિયાભાઈ મકવાણા, અનિલ રમેશભાઈ ગણાથી ખુબ ભાઈ

ખરાડી અને મહેશ રાકેશભાઈ ખરાડીને પકડી લેવામાં આવ્યા હતા.

જ્યારે ગોંડલનો ધર્મેશ ઉર્ફે કુકડો, રબારીકાનો વિપુલ હાથીભાઈ લાલુ, જેતપુરનો રોહિત ઉર્ફે ધો મકવાણા, હરેશ સ્વજીભાઈ મકવાણા, ગોંડલનો અપ્પુ આચાર્ય, મયુર આચાર્ય અને રાજસ્થાનનો ભૂપત મારવાડી હાથમાં ન આવતાં તેની શોધખોળ આદરવામાં આવી છે. પોલીસે સ્થળ પરથી અલગ-અલગ બ્રાન્ડનો વિદેશી દારૂ કિંમતનો કબજે કર્યો હતો. તેમકાર બહાતો કુલ લાયતી લાખના મુખ્યાલ કબ્જે કર્યો હતો

# રાજકોટમાં લોકમેળાની તડામાર તૈયારી

### ૧૪ થી ૧૮ ઓગસ્ટ સુધી રેસકોર્સમાં શૌર્યનું સિંદૂર લોકમેળો, આ વર્ષે પણ વરસાદ મેળાની મજા બગાડે તેવી સંભાવના



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેસકોર્સ મેદાનમાં આગામી તારીખ ૧૪ થી ૧૮ ઓગસ્ટ દરમિયાન જન્માષ્ટમીનો લોકમેળો યોજાવાનો છે. જેનું નામ શૌર્યનો સિંદૂર લોકમેળો આપવામાં આવ્યું છે. જેમાં સૌરાષ્ટ્રમાંથી અંદાજે ૧૫ લાખથી વધુની જનમેદની મેળો માણવા માટે ઉમટી પડશે ત્યારે તેને લઈને રેસકોર્સ મેદાનમાં ફજત -ફાળકા સજ્જ થઈ ચૂક્યા છે. રાજકોટવાસીઓમાં એટલો ઉત્સાહ છે કે, તેઓ કહી રહ્યા છે કે કોઈપણ આફત આવશે તો પણ અમે મેળાની મજા માણવા માટે પરિવાર સાથે અચૂક આવશું. ઉલ્લેખનીય છે કે, ગતવર્ષે મેઘરાજાની ધમાકેદાર - બેટિંગના કારણે પાંચ દિવસનો જન્માષ્ટમીનો મેળો વરસાદમાં ધોવાઈ ગયો હતો. જેથી બાદમાં વહીવટી તંત્ર દ્વારા સ્ટોલ અને પ્લોટના લીધેલા તમામ નાણાં વેપારીઓને પરત આપી દીધા હતા.રેસકોર્સ મેદાનમાં જ્યાં લોકમેળો યોજાવાનો છે ત્યાં પોતાના પૌત્રને લઈને આવેલા દાદા અનંતભાઈ સોનીએ જણાવ્યું હતું કે, આ મેળો છે એ રંગીલા રાજકોટનો મેળો છે. ગમે તેવી આફત આવે તો પણ મેળાની મજા માણવા અમે ચોક્કસ આવશું. મેળે આવવાના અને મેળે મેળે જવાના. ઉલ્લેખનીય છે કે, મેળામાં હવે ૨૩૪ સ્ટોલ અને પ્લોટ માંથી ૨૪ સ્ટોલ ખાલી રહ્યા છે. જોકે તે પણ મેળો શરૂ થયા પહેલા અપાય જશે તેવુ કલેકટર ડો. ઓમ પ્રકાશનું કહેવું છે. લોકમેળામાં અઈ અને ડ્રોનની મદદથી ભીડનું નિયંત્રણ કરવામાં આવશે. આ સાથે જ ઈમરજન્સી માટે ડેડીકેટેડ રોડ, ૫ વોચ ટાવર પરથી અને સહિતની ટીમ ખડેપગે રહેશે. જ્યારે આ મેળામાં અઘોરી ગ્રુપ સહિતના આકર્ષણ જોવા મળશે તો સૌરાષ્ટ્રના નામાંકિત ૫૦થી વધુ કલાકારોને પોતાની કલા પ્રદર્શિત કરવા માટે સ્ટેજ અપાશે.

આ ઉપરાંત હાલ રેસકોર્સ મેદાનમાં હજુ યાંત્રિક રાઈડ ઉભી કરવાનું શરૂ કરવામાં નથી આવ્યું ત્યારે તેઓ ઝડપથી રાઈડ ઉભી કરી સોઈલ ટેસ્ટ સહિતની પ્રક્રિયા પૂર્ણ કરે તેવું કલેક્ટરે જણાવ્યું હતું. લોકમેળામાં કલ્ચરલ એક્ટિવિટી ખુબ જ સારી રીતે થાય તેવા પ્રયાસો છે.

જેમાં તારીખ ૧૪ ના અઘોરી ગ્રુપ, ૧૫ મી એ અલ્પાબેન પટેલ, ૧૬ મીએ રાજુ જાદવ, ૧૭ મીએ રાજ ગઢવી અને ૧૮મી એ અનિરુદ્ધ આહીરનું ગ્રુપ લોકોને મનોરંજન પીરસશે. આ દરમિયાન ૩૪ જેટલા નામાંકિત કલાકારોના કાર્યક્રમો યોજાશે. જેમાં ડ્રામા, ફોક ડાન્સ, ક્લાસિકલ ડાન્સ અને મ્યુઝિકલ ઈવેન્ટ યોજાશે.

આ ઉપરાંત સૌરાષ્ટ્રના ઉભરતા ગાયક કલાકારો છે તેઓને લોકમેળામાં પોતાની કલા પ્રદર્શિત કરવા માટે સ્ટેજ મળે તેવો ઉત્તમ પ્રયાસ કરવામાં આવશે. જેમાં દરરોજ સાંજે ૪૦૦ થી ૭૦૦ વાગ્યા દરમ્યાન આ કલાકારો પોતાની કલા લોકો સમક્ષ પ્રદર્શિત કરશે. જેથી ૫૦થી વધુ આર્ટિસ્ટ આ દિવસો દરમિયાન પોતાનું પરફૉર્મન્સ આપશે. ડિઝાસ્ટર પોઈન્ટથી વાત કરીએ તો ડ્રોન અને અઈ મારફત ક્રાઉડ કંટ્રોલ કરવામાં આવશે. આ સાથે જ લોકમેળામાં જે જગ્યાએ સૌથી વધુ ક્રાઉડ એકઠું થાય છે તેવી પાંચ જગ્યાએ વોચ ટાવર ઊભા કરવામાં આવશે.